વડતાલ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની
શ્રી લક્ષ્મીનારાયણ દેવની સંસ્થાનું સમસ્ત સત્સંગ સમાજનું માસિક

# શ્રી વડતાલધામ સત્સંગ

વર્ષ : ૩, અંક - ૫, જુલાઈ - ૨૦૧૨ છુટક નકલ કિંમત રૂ. ૫-૦૦



## વડતાલધામને આંગણે ઉજવાયો અનોખો

# ગુરૂ પૂર્ણિમા મહોત્સવ



# ''दिव्य दर्शनम्''

**શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ દ્વારા ગોમતી કાંઠે નૂતન**
**શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રસાદીનું વસ્તુઓનું મ્યુઝિયમ''દિવ્ય દર્શનમ્''નું મોડેલ**







## દેવશયની એકાદશી પર સ્વામિનારાયણ ધૂન

દેવશયની એકાદશી તા. ૩૦ જૂન, ૨૦૧૨ ના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ ખાતે સભા મંડપમાં શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન





## શ્રી હરિકૃષ્ણ મહારાજ યાત્રિક ભુવન

શ્રી હરિકૃષ્ણ મહારાજ યાત્રિક ભુવનના
નવા બંધાતા મકાનના કામકાજનું
સ્થળ નિરિક્ષણ કરતાં ચેરમેન શ્રી
પ.પૂ.સદ્.શા.સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી તથા
આ.કોઠારી સ્વામી શ્રી દેવપ્રકાશદાસજી




Web Site :
**www.vadtalmandir.org**

E-mail address :
**vsm@vadtalmandir.org**
**vsm191@yahoo.co.in**

## Subscription

(india)
1year ₹. 50
Lifetime ₹. 500,
For Other Countries
(airmail) ₹. 6750
(lifetime)

**Year - 3**
**Volume - 5**
**July - 2012**



॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

# Shree Vadtaldham Satsang


### અનુભવી આનંદમાં બ્રહ્મરસના ભોગી રે; ...

અનુભવી આનંદમાં બ્રહ્મરસના ભોગી રે;
જીવન મુક્ત જોગિયા અંતર અરોગી રે - અનુ૦૧
જે શીખે જે સાંભળે ત્રિપુટીને તાને રે,
મનનું કૃત્ય તે મન લગી અસત્ય માને રે - અનુ૦૨
જહાં લગી જગ વિસ્તર્યો મૃગ તૃષ્ણા પાણી રે,
તેમાં મોહ ન પામે મહામુનિ સ્વપ્નું પ્રમાણી રે - અનુ૦૩
જે વડે આ જગત છે તેને કોઈ ન જાણે રે,
મુક્તાનંદ કહે ગુરુમુખી તે સુખડાં માણે રે - અનુ૦૪

**ONWER :** Vadtal Temple Managing Trusty Board, Vadtal. **PUBLISHER, PRINTER & EDITOR :** Chief Execucative Kotharishree Shastri Swami Nilkanthcharandasji Guru Swami Harijivandasji For Vadtal Temple Managing Trusty Board ,Vadtal. **PUBLISHED AT & PRINTING PRESS :** Shree Laxminarayandev Offset. Shree Swaminarayan Mandir AT & POST : Vadtal TA.Nadiad, Dist.Kheda (Guj) - Pin-387375, Ph.(0268) 2589728,776.

# અનુક્રમણિકા








| ક્રમ | લેખ - લેખક | પાન નં. |
|---|---|---|
| ૧ | સાંનિધ્ય<br>સદ્. શા. સ્વામી શ્રી નિલકંઠચરણદાસજી | ૦૩ |
| ૨ | શ્રી પ્રભાશંકર - પિપળાવ<br>- શા. સ્વામી શ્રી સંતવલ્લભદાસજી | ૦૫ |
| ૩ | "અધ્યાત્મ મંથન" - ૧૦<br>- સદ્. સ્વામી શ્રી બ્રહ્મસ્વરૂપદાસજી | ૦૮ |
| ૪ | **True Relationship**<br>- Shree Rushi Swami | 10 |
| ૫ | સંપ<br>- સાધુ શ્રી વિવેકસાગરદાસ | ૧૨ |
| ૬ | "જલકમલવત્"<br>- સાધુ શ્રી સત્સંગવલ્લભદાસજી | ૧૪ |
| ૭ | સુખના સાગર શ્રી હરિ રે !<br>- શાસ્ત્રી સ્વામી શ્રી કેશવપ્રસાદદાસજી | ૧૬ |
| ૮ | સંસ્થા અને સત્સંગ સમાચાર | ૨૦ |
| ૯ | માસિક ભેટ નામાવલી | ૨૨ |

# સાંનિધ્ય

ગુરુ પ.પૂ.સદ્.શા.શ્રી નિલકંઠચરણદાસજી સ્વામી
(મુખ્ય કોઠારીશ્રી વડતાલ સંસ્થાન)



''સાનિધ્ય''એ સંસ્કૃત શબ્દ છે, સાંનિધ્યનો અર્થ થાય છે, નજીકપણું, હાજરી મોજુદગી, સાંનિધ્ય સારૂ અને નરસુ બે પ્રકારનું હોય છે, જેમનાં સાંનિધ્યમાં રહીએ તેમની અસર આપણાં જીવન ઉપર થાય છે, સાંનિધ્ય ચેપી હોય છે, તેની અસર જરૂર થાય છે, ફુલના સાંનિધ્યમાં ફોરમ મળે, સુગંધ મળે, આંબાના સાંનિધ્યમાં કેરી મળે, પરંતુ ઉકરડાના સાંનિધ્યમાં દુર્ગંધ મળે, બાવળના સાંનિધ્યમાં કાંટા મળે, માટે સાંનિધ્ય સારુ અને નરસુ છે બંને પ્રકારનું હોય છે, પરંતુ આપણે વાત કરવી છે, ભગવાન અથવા મહંત પુરુષના સાનિધ્યની મહાપુરુષના સાંનિધ્યનો મહિમા અપરંપાર છે પરંતુ આપણી સમક્ષ પ્રશ્ન એ છે કે સાંનિધ્ય એટલે શું ? કેવળ નજીકપણું એટલો જ અર્થ થાય છે કે બીજુ રહસ્ય પણ છુપાયેલું છે, સાંનિધ્યનું યથાર્થ સ્વરૂપ શું છે ? મહાપુરુષ કે સંતપુરુષ કે ભગવાનના સાંનિધ્યમાં રહેતા હોય તેની પણ કંઈ ફરજ છે કે નહીં ? માત્ર સાંનિધ્યથી કામ થઈ જાય છે. તેની સંપૂર્ણ છણાવટ આ લેખમાં કરવી છે. જેમ હિમાલયના સાંનિધ્યમાં જઈએ તો ઠંડીનો અનુભવ થાય, અગ્નિના સાંનિધ્યમાં જઈએ તો ગરમીનો અનુભવ થાય તેમ ભગવત સાંનિધ્યમાં જઈએ અથવા મહાપુરુષના સાંનિધ્યમાં જઈએ તો સુખ અને શાંતિનો અનુભવ થાય.

સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી સાંનિધ્યમાં મેંગણીના માનભા દરબાર આવ્યા તો સુખ શાંતિ અને ભક્તિના પરમાનંદનો અનુભવ થયો, લીલાખાનો મુંજેશરૂ શિકાર કરીને આવતો હતો ગોંડલી નદીમાં સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામીનું સાંનિધ્ય મળતાં હૃદયમાં આનંદ અને શાંતિનો અનુભવ થયો તો પ્રશ્ન એ થાય કે મહાપુરુષ અથવા સંતપુરુષ કે ભગવત સાંનિધ્ય ફળે છે ? જવાબ છે, અચુક ફળે છે, પણ કોને ? તો તેમના પ્રત્યે ભક્તિભાવ પરિપૂર્ણ હોય તો જે ભગવત સાંનિધ્ય ફળતુ નથી. તેવું સાંનિધ્ય સુખરૂપ થતું નથી ઉલટાનું દુઃખ થાય છે. માટે ભગવાન પ્રત્યે તથા સંત પ્રત્યે ભક્તિભાવ યુક્ત સાંનિધ્ય જ ફળે છે અને એ સાંનિધ્ય મોક્ષ કરે છે, એ સાંનિધ્ય જ જીવનને તારે છે. શ્રીજી મહારાજના સાંનિધ્યમાં દાદાખાચર આવ્યા તો તેનું જીવન ભક્તિથી, ત્યાગથી, સમર્પણભાવથી ભરપુર થઈ ગયું તેનું કારણ એ હતું કે દાદાખાચરને શ્રીજી મહારાજ તથા સંતોનું સાંનિધ્ય હતું પરંતુ સાથો સાથ દાદાખાચરને શ્રીજી મહારાજ પ્રત્યે તથા સંતો પ્રત્યે ભાવ હતો પ્રેમ હતો સંપૂર્ણ ભક્તિભાવ હતો તો તેમનું સાંનિધ્ય ફળ્યું તેની સામે જીવાખાચર હતા તેમણે પણ શ્રીજી મહારાજનું તથા સંતોનું સાંનિધ્ય હતું ખરેખર જોઈએ તો દાદાખાચર તથા એભલ ખાચર પહેલા જીવા ખાચરને શ્રીજી મહારાજ તથા સંતોનું સાંનિધ્ય મળેલું પરંતુ જીવાખાચરના હૃદયમાં ભક્તિભાવ નહીં શ્રીજી મહારાજ પ્રત્યે તથા સંતો પ્રત્યે ભાવ નહીં ઉલટાનું વિરોધભાવ હતો, તો જીવાખાચરને શ્રીજી મહારાજ તથા સંતોનું સાંનિધ્ય ફળ્યું નહીં માટે જેના સાંનિધ્યમાં રહેતા હોય તેમના પ્રત્યે જો ભક્તિભાવ કે મહિમા ન હોય તો તેમનું સાંનિધ્ય સુખરૂપ ને બદલે દુઃખરૂપ થાય છે. જેમકે મંથરાને રામનું સાંનિધ્ય હતું પરંતુ રામ પ્રત્યે વિરોધભાવ હતો તેમની સામે શબરીને રામનું સાંનિધ્ય થોડાક કલાકનું હતું પરંતુ પ્રેમભાવ ભક્તિભાવ પરિપૂર્ણ હતો તો રામના સાંનિધ્યમાં જ શબરીનું શરીર પળ્યું. ને ભવસાગર તરી ગઈ માટે જેના સાંનિધ્યમાં રહેતા હોય તેમના પ્રત્યે પૂજ્યભાવ ભક્તિભાવ કે મહિમા હોય તો જ મહાપુરુષનું સાંનિધ્ય ફળદાય થાય છે માટે સંતના સાંનિધ્યમાં રહેતા હોય તેની પણ ફરજ છે કે તેના હૃદયમાં ભક્તિભાવ પરિપૂર્ણ હોય જેના સાંનિધ્યમાં રહેતા હોય તેનો મહિમા હોય તો જ સાંનિધ્ય ફળ દાયક થાય છે જો હૃદયમાં ભાવપૂર્ણ હોય અને સાચુ સાંનિધ્ય મળે તો સાધકના જીવનમાં સદ્‌ગુણની ગંગા વહેવા માંડે અને સાધકને શાંતિ અને સુખનો અનુભવ થાય મારો એક અનુભવ લખુ છું. સં. ૧૯૭૯ થી સં. ૧૯૮૯ સુધી લગભગ ૧૦ વર્ષ જેતપુરમાં બે મહાપુરુષના સાંનિધ્યમાં રહ્યો છું એ મારા ગુરુ સદ્‌ગુરુ શ્રી હરિજીવનદાસજી સ્વામી અને બીજા સદ્‌ગુરુ શ્રી હરિદાસજી સ્વામી તેમાં સદ્‌ગુરુ શ્રી હરિદાસજી સ્વામી એક વિરલ વિભૂતી હતા તે પોતાના ફાટેલા ધોતીયા દરરોજ સાંધતા ક્યારેક ક્યારેક હું તેમની પાસે જઈને બેસુ એ કાંઈ બોલે નહીં, હું પણ કંઈ બોલુ નહીં, પરંતુ તેના સાંનિધ્યથી પરમ શાંતિનો અનુભવ થતો. મનમાં ઘાટ સંકલ્પ બંધ થઈ જતાં તેવા જ એક વિભૂતી સંત પ.પૂ.સદ્. શ્રી હરિજીવનદાસજી સ્વામી તેમના સાંનિધ્યમાં ૧૦ વૃષ રહ્યો ત્યારે એવો અનુભવ થયો કે જાણે હું ૧૦ દર્ષ સમાધીના સુખમાં રહ્યા તેનું કારણ એ હતું કે બંને સંતો પ્રત્યે પૂજ્યભાવ મહિમા અને ભક્તિભાવ હતો તો તેમનું સાંનિધ્ય અને સુખરૂપ નિવડ્યું માટે મહાપુરુષ કે સંત પુરુષનું સાંનિધ્ય જો મળે તો પૂજ્યભાવ અને મહિમા હોય તો જ તે સુખદાયી થાય છે.

# શ્રી પ્રભાશંકર -પીપળાવ

**લેખક : શા. સ્વામી શ્રી સંતવલ્લભદાસજી - કંડારી ગુરુકુલ, M.A.Phd.**

ગુરુવર્ય શાસ્ત્રીજી સ્વામી - ચેરમેનશ્રી વડતાલ સંસ્થાન

ભગવાન શ્રી સ્વામિનારાયણ વચનામૃતમાં જે ભક્તોને યાદ કરે છે તેમાંથી એક નામ પીપળાવ ગામના ભક્તરાજ પ્રભાશંકરનું છે. જેમને સ્વયં ભગવાન યાદ કરતા હોય તેવા ભક્તો સંસારમાં બહુ ઓછા હોય છે. ભગવાનને યાદ કરનારા ભક્તો તો આપણા જેવા ઘણાય છે. આજે આપણે એ ભક્તના જીવન પ્રસંગોને માણીશું. જેમને સ્વયં શ્રીહરિએ જ્ઞાનનાં અંગવાળા ભક્ત તરીકે યાદ કર્યા છે.

પ્રભાશંકરની આર્થિક સ્થિતિ સામાન્ય પણ સમજણ અને ભક્તિ અસામાન્ય હતી. તેમને મન અસાર-સંસારમાં હરિભજન જ સારરૂપ હતું. છતાં સંસાર વ્યવહારનાં અનિવાર્ય કાર્યો કરતા પણ ખરાં. લોકો તેમને જીવતા જનક કહેતા. તમામ કાર્ય કરવાં છતાં કોઈનીય ચિંતા નહિ. જ્યાં કથા-કીર્તન પૂજા પ્રતિષ્ઠા- સત્સંગનો પ્રસંગ આવે ત્યાં વિના નિમંત્રણે પણ પહોંચી જાય. ભગવદ્ ભજનમાં વળી આમંત્રણની રાહ શી જોવી ?

એકવાર ગામમાં કોઈ ભકત કથાકાર આવેલા. બસ, આ સમાચાર પ્રભાશંકરભાઈને મળ્યા. તુરંત પહોંચી ગયા તેમના ઉતારે. વંદન કરીને બેઠા. થોડી ઔપચારિક વાતો કરીને બંનેએ ગોઠડી આદરી.

ગોઠડીમાં કથાકારે કહ્યું: ''આજ્ઞા ગુરુણાં હ્યવિચારણીયા'' ગુરુજીની આજ્ઞાનું પાલન વિના વિચારે કરવું જોઈએ, કેમ પ્રભાશંકરભાઈ, બરાબરને ? આ વાતનો ઉત્તર વાળતાં તેમણે કહ્યું: જી, મહારાજ, ભગવાનને ભેટવાની ખેવના હોય તો તો ગુરુજીની આજ્ઞા માનવી જ જોઈએ, વિના વિલંબે માનવી જોઈએ. તેમાં કોઈ જાતની બાના બાજી પણ ન કરવી જોઈએ. આપણે ભગવાનને યાદ કરીએ તો ભગવાન કયાં કોઈની રાહ જુવે છે ? જુઓને ગજેન્દ્રને ભીડ પડી ત્યારે ભગવાનને પુકાર કર્યો તો ભગવાન ગરૂડની રાહ જોયા વિના દોડતા આવ્યા. તેમ આપણે ગુરુનાં વચનો અદ્ધર જીલવાં જોઈએ . તો જ ભગવાન આપણી પ્રાર્થના સાંભળે. આજે કથાકારને પણ વાસ્તવમાં કોઈ અજબ-ગજબનો કથાકાર મળી ગયેલો. તેણે પ્રભાશંકર ભાઈની તારીફ કરી.

પ્રભાશંકરભાઈના જ્ઞાનની તારીફ થઈ પણ કસોટી બાકી છે. એક દિવસ તેના જ્ઞાનની કસોટીનો પ્રસંગ પણ આવી પહોંચ્યો. તેમના લગ્નનો પ્રસંગ આવ્યો. કંકોત્રીઓ વહેંચાણી. સગાં સ્નેહીઓ આવ્યાં. માંડવો નંખાયો અને મંગળગીતોનો ધ્વનિ થવા લાગ્યો.

વરના પિતા જાન લઈને જવાની તૈયારી કરી રહ્યા છે. ભૂદેવ મુહૂર્તની રાહ જોઈને પૂજાવિધિની તૈયારી કરીને ઉભા છે , એવામાં અચાનક જ એક સંદેશાવાહક આવ્યો ને પત્ર આપ્યો પ્રભાશંકરને.

પ્રભાશંકરે પત્ર વાંચીને કહ્યું: ''જય સ્વામિનારાયણ, હું વરતાલ જાવ છું. મા - બાપ અને સગાં સ્નેહીઓએ તેને ઘેરી લીધા. અરે પણ કંઈ આમ થોડું જવાય ? બેસી જા ગાડે, પરણીને આવ્યા પછી તું તારે જાજે. અમે ક્યાં તને ના કહીએ છીએ. રકઝક ના કર, મુહૂર્ત જતું રહેશે. વરના ગાડે બેસી જા. સ્નેહીઓની વાત ઝાંકળ થઈને ઉડી ગઈ. તેમણે જવાબ વાળ્યો: મુહૂર્ત તો એક જાય તો બીજું પણ

આવશે, પણ પછી મારા મહારાજનો પત્ર ક્યારે આવશે ? તેમનું વચન પાળવાનો આવો અવસર આવ્યો છે તે હું જતો કરવા તૈયાર નથી. કોઈને નહિને મને જ મહારાજે યાદ કર્યો તે મારાં મોટાં ભાગ્ય છે. હું કોઈ પણ ભોગે વરતાલ જવા મક્કમ છું. માટે મારો રસ્તો છોડો તો સારી વાત છે. વડીલો સમય પારખી ગયા.માત-પિતા કરગરતાં રહ્યા. સંબંધીઓ જોતા રહ્યા ને પ્રભાશંકરેએ જાનની ભીડમાંથી રસ્તો કાઢીને વરતાલની વાટ પકડી.

વરતાલમાં વિશ્વાધાર રાહ જુવે છે. બ્રહ્મમુનિ સિતારના તાર તાણે છે. પ્રેમસખી ગળું ખેંચીને ગાય છે, છતાં ગોવિંદને કોઈ અસર થતી નથી. તાળી પાડીને તાલ આપનાર, ગાતાં ગાતાં સિંહાસન છોડીને નીચે નજીક ખેંચાય આવતા અવિનાશીને આજે આ કીર્તન ભક્તિનું કોઈ જ ખેંચાણ નથી. પણ સંતો તો અલમસ્ત હતા. કીર્તનભક્તિમાં મશગૂલ હતા. આજના દિવસે સ્વયં શ્રી હરિ જેમને મળવા ઈચ્છતા હતા તેવા ભક્તો સભામાં આવી આવીને પોતાનું સ્થાન લેવા લાગ્યા. જેમના વિના સભામાં શોભા ન આવે એવા મુક્તમુનિ જેવા સંતો પણ આવી ગયા. અરે જેના વિના સભા સુનિ લાગે એવા જોબનપગી ને સુરાબાપુ પણ આવી ગયા, છતાં શ્રીહરિની વ્યાકુળતાનો અંત ન આવ્યો.

તેમનું મન વરતાલની વાટે આવતા પ્રભાશંકરમાં ચોટેલું છે, તેની કોને ખબર હોય ? કોણ જાણે કેમેય પ્રસન્ન ન થતા શ્રીહરિની આંખોમાં અચાનક તેજ આવ્યું. મુખ પર મંદ હાસ્ય નૃત્ય કરવા લાગ્યું. સભાએ પાછું વાળીને જોયું તો કોઈ એક નવયુવાન સાષ્ટાંગ દંડવત્ કરી રહ્યો હતો. તેનો શણગાર તે વરરાજો હોય, એમ જણાવી રહ્યો હતો. તેની આંખોમાં સ્નેહ-નીતરતો હતા. સૌ સમજ્યા કે, આજે શ્રીહરિ આ વરરાજાને પ્રભૂતામાં પગલાં માંડતા પહેલાં આશિષ દેવા માટે વ્યાકુળ હતા. પણ આતો પ્રભુનો પત્ર પ્રાપ્ત થતાં જ તેમની આજ્ઞા પાળવા વ્યાકુળ થયેલા પ્રભાશંકર હતા.

શ્રીહરિએ કહ્યુંઃ પ્રભાશંકર, અમારી આજ્ઞા વરતાલ આવવાની હતી કે વરરાજાનો વેશ કાઢવાની ? સૌ સ્તબ્ધ બની ગયા. સભા વચ્ચે જગ્યા થઈ ગઈ. પ્રભાશંકરને ભેટવા ભગવાન પધારે તો કંઈ જ નવાય નહિ. પણ આ તો પ્રશ્ન ભેટી પડ્યો. પ્રભાશંકરે કહ્યુંઃ અરે ! અંતર્યામી ! આપ તો સર્વ જાણો જ છો, છતાં પૂછ્યું તો કહું છું કે, જ્યારે આપનો સંદેશો આવ્યો ત્યારે હું પ્રભુતામાં પગલાં માંડવા માટે જ જઈ રહ્યો હતો, ત્યાંથી જ સીધો અહીં આવ્યો. વસ્ત્ર બદલવાનો સમય બગાડવાનું મને યોગ્ય ન લાગ્યું, તેથી આ વેશ કાઢીને આવ્યો છું, મહારાજ !

મહારાજ કહે, અરે ! એવા અગત્યના કાર્યમાં હતા તો લગ્ન વિધિ પૂર્ણ કર્યા પછી આવવું હતું ને ? આટલી બધી ઉતાવળ શી હતી ? અમારાં દર્શનનું ક્યાં કોઈ મુહૂર્ત થોડુ જોઈએ છે ?

ના મહારાજ ! લગ્ન તો પછી પણ થાય. પણ મુજ જેવા તુચ્છ જીવને આપ ફરી ક્યારે યાદ કરો. દર્શન તો ગમે ત્યારે થાય પણ જ્યારે આપ સામે ચાલીને દર્શને તેડાવો ત્યારે હું બીજું કોઈ પણ કાર્ય કરવા રહું, તો મુજ સરખો અભાગી કોણ કહેવાય ? પ્રતિદિન જે પ્રેમસખીના ગાનમાં ભાવ ભૂલતા હોય તે ભગવાન આજ આ પ્રભાશંકરની વાતમાં ભગવાનપણું ભૂલી ગયા. અને એક પછી એક પ્રશ્નનો ઉત્તર વાળતો પ્રભાશંકર જ્યાં ઉભો હતો ત્યાં દોડી ગયા અને ભેટી પડ્યા. આંખમાં પ્રેમાશ્રુ ભરાઈ આવ્યાં અને બોલી ઊઠ્યાઃ ધન્ય છે પ્રભાશંકર, ધન્ય છે. તને જ નહિ, તારી જનેતાને પણ ધન્ય છે. જેણે તારા જેવા વચન પાલક પુત્રને જન્મ આપ્યો. માંગી લે પ્રભાશંકર માંગી લે. પ્રભાશંકરે

હાથ જોડ્યા, અને કહ્યું: આપની આટલી પ્રસન્નતા તો યુગોની સાધના કર્યા પછી યોગીઓને પણ નથી મળતી. આજે જે આપની પ્રસન્નતા મળી છે તેનાથી વધુ મારે આજીવન કંઈ જ ન જોઈએ, મહારાજ ! આજીવન, આ દાસ, આપની આવીને આવી કૃપા કરુણાનું પાત્ર બની રહે, એથી વધુ કંઈ જ ન જોઈએ.

મહારાજે જ નહિ આજે સમગ્રસભાએ મનોમન આ નવયુવાન યુવકની વચન પાલનની તત્પરતાને વંદન કર્યાં. સૌ તેમનાં ચરણમાં વંદિ રહ્યા. પ્રભુએ પણ પ્રેમથી આશિષ આપીને જેમ વચને લગ્ન છોડીને આવ્યા હતા, તેમ વચને લગ્નમાં જવાની આજ્ઞા કરી. વચનને કાજ વેંચાય જવા માટે કટિબદ્ધ પ્રભાશંકરે કંઈ પણ શંકા-કુશંકા વિના પુનઃ પીપળાવની વાટ લીધી અને બાકીની વિધિ પૂર્ણ કરી.

---

આજે પ્રભાશંકર પીપળાવથી ગઢપુર દર્શને આવ્યા. દર્શન કર્યાં કથા સાંભળી સંતોને મળ્યા. ભક્તોને મળ્યા, પ્રસાદ લીધો અને છેલ્લો રાતવાસો કરવા ઉતારો પણ લીધો. દાદાખાચરે અક્ષરઓરડીની પાછળ ઉતારો દીધો.

ઉતારો લઈને આરામમાં ગયા. જેમ સમય પસાર થતો ગયો તેમ ઠંડી વધતી ગઈ. ફૂલ ગુલાબી ઠંડીના ચમકારા બોલ્યા એટલે પ્રભાશંકરના જ્ઞાનના ઝબકારા બંધ થઈ ગયા. આત્મનિષ્ઠા ઓગળી ગઈ. કેમેય ઊંઘ ન આવે. પણ તેને એક વિચાર આવ્યો: આવી ઠંડીમાં સંતો કેમ કરીને રાત વિતાવતા હશે ? તેણે હે દયાનિધિ ! હે દયાનિધિ ! નુ ગાન શરૂ કર્યું. થોડીવાર પછી ઓર વધુ જોરથી બોલવા લાગ્યા, પણ એમ કંઈ હવા થોડી ગરમ થઈ જાય ? પ્રભાશંકરની દાઢી થથરવા લાગી. તેને સંતોની ચિંતા થયેલી તે આજ કંઈક રસ્તો કર્યા વિના છૂટકો જ નથી એમ નક્કી કરીને હે દયાનિધિ ? હે દયાનિધિ ! નો રાગ આલાપ્યો. તેનો આલાપ અક્ષર ઓરડીમાં ગુંજ્યો. અવિનાશી જાગી ગયા. તેમણે બૂમ પાડીઃ માનસીંગ, એ માનસીંગ...માનસીંગ સફાળા ઊઠ્યા ને હાથ જોડ્યાઃ આજ્ઞા પ્રભુજી ! પ્રભુજી કહે જુઓને, આ કોણ દયાનિધિ દયાનિધિ બોલે છે.

માનસીંગ અવાજની દિશામાં આગળ વધ્યા, ત્યાં તો આજ પેલા નવા આવેલો ભગત ટૂંટિયું વાળીને સૂતાં સૂતાં બૂમો પાડે છે. તે જોઈને અક્ષરઓરડીમાં ગયા અને અક્ષરાધિપતિને કહ્યુંઃ એ તો પ્રભાશંકર બોલે છે. શ્રીહરિ કહે, તેને અહીં તેડી લાવો. માનસીંગે આવીને કહ્યું, એટલે પ્રભાશંકર અક્ષરઓરડીમાં હાજર થઈ ગયા. હાથ જોડીને ઉભા રહ્યા. શ્રીહરિએ પૂછ્યુંઃ કેમ દયાનિધિ દયાનિધિ બોલો છો ? હું નથી બોલતો પ્રભુ ! પ્રભાશંકરે તૂટતા સ્વરે જવાબ વાળ્યો. શ્રીહરિએ માનસીંગ તરફ નજર કરી. તેણે સંકેત પામીને કહ્યુંઃ પ્રભુ ! એ જ બોલતા હતા. જુઠું બોલે છે.

શ્રીહરિએ ફરી પ્રભાશંકર તરફ નજર ફેરવી ત્યારે તેણે કહ્યુંઃ હું તો દયા નથી દયા નથી એમ બોલતો હતો. પ્રભુજી થોડું હસ્યા અને પૂછ્યુંઃ રાત્રે સૂતા સૂતા એવું કેમ બોલો છો ?

પ્રભાશંકરે હાથ જોડ્યાઃ પ્રભુ ! આપ તો આ અક્ષરઓરડીમાં આરામથી પોઢી ગયા છો પણ આ કડકડતી ઠંડીના ચમકારામાં સંતોને કેમ ઊંઘ આવતી હશે? એવો વિચાર પણ આપને નથી આવતો માટે હું કહું છું કે, દયા નથી દયા નથી.

મહારાજને આ ભક્તની સંતો પ્રત્યેની લાગણી સ્પર્શી ગઈ. માનસીંગને કહ્યું : તાપણું કરો. ભગુજીને કહ્યુંઃ સંતોને અહીં બોલાવી લાવો. ભગુજી

(અનુસંધાન પાના નં. - ૧૯ પર)

# ''અધ્યાત્મ મંથન'' - ૧૦

લેખક : સ્વામી શ્રી બ્રહ્મસ્વરૂપદાસ - કંડારી ગુરુકુલ
ગુરુવર્ય શાસ્ત્રીજી સ્વામી - ચેરમેનશ્રી વરતાલ સંસ્થાન

(ગતાંકથી ચાલુ)

## ''જીવનમાં પડતી આવે ત્યારે...''

**'હતું ઘનઘોર જંગલ અને મુખમાં હસી રજની;**
**દીપક જોઈ હરખાયો ત્યાં તો હતી આંખો સિંહની!'**

કોઈ પણ વ્યક્તિના જીવનમાં જ્યારે પડતીનો સમય આવે છે ત્યારે માણસ ટમે તેટલા ઉપાયો કરે છતાં પણ તેના જીવનમાં પાસાં પોબારાં પડતાં જ નથી. અર્થાત્ તેને સફળતા મળતી જ નથી. તે વિષે એક કવિ કાવ્યમાં તેનું વર્ણન કરતાં લખે છે કે, એક માણસ જંગલમાં ભૂલો પડી ગયો હતો અને રાત્રિ થઈ ગઈ હતી. ઘોર અંધારું પણ થઈ ગયું હતું. તેના કારણે ગભરાઈ ગયો અને દીવાની શોધમાં આમ તેમ આંટા મારવા લાગ્યો. તેમાં અચાનક બે ચમકતાં દીપક જોયા એટલે ખુશ થઈ ગયો અને એને લેવા માટે પાસે ગયો. આવીને જોયું ત્યાંતો સિંહની આંખો હતી ! ઉલ્ટાનો દુઃખમાં સપડાયો; કારણ કે તેના જીવન - મરણનો સવાલ હતો.

**''વિષય જ્વરની ધખી ધૂણી, પડ્યો ત્યાં ડંખ વીંછીનો;**
**શીતળ જાણીને પીધું જળ, પણ હતો પ્યાલો મદીરાનો!''**

એક માણસને ખૂબ તાવ આવ્યો હતો. એવા સમયે સ્ત્રીઓનું ચિંતન થવા લાગ્યું તેથી કામાગ્નિથી બળવા લાગ્યો ! તે જ સમયે ભયંકર ઠાકરીયો વીંછી કરડ્યો ! તેથી કાળી બળતરા ઉપડી. ગરમીને શાંત કરવા માટે ઠંડુ જળ પીવા માટે અમ તેમ જોવા લાગ્યો. ત્યાં એક કુંજો ભરેલો જોયો. પાણી માની જલ્દી પી ગયો, પરંતુ તે દારુ હતો ! ઉલટાની બળતરા વધી.

**''વળી ગઈ ઊંધી નાવડીને ડૂબતા હાથમાં પકડ્યો;**
**મળ્યો ટેકો મધ્ય જળમાં, પણ હતું માથું તે મગરનું !''**

એક નાવડીમાં બેસીને એક વ્યક્તિ સામે કિનારે જતો હતો. ત્યાં અચાનક નાવ ડૂબી ગઈ ! તેથી પેલો માણસ પાણીમાં ડૂબવા લાગ્યો. બચવા માટે ફાંફાં મારવા લાગ્યો ત્યાં તેના હાથમાં કંઈક આવી ગયું તેથી હરખાયો. આંખો ખોલી જોયું તો તેણે પકડેલ તે મગરમચ્છનું માથું હતું ! ઉલટાનો ખતરામાં !

એક માણસ બહાર ગામ જતો હતો રસ્તામાં જંગલ આવ્યું. અંધારામાં ચાલતો હતો તેથી રસ્તો ભૂલી ગયો. લૂંટારાની બીક લાગતી હતી તેવામાં અજવાળું થયું અને એક ગામ દેખાયું. રાજી થતો થતો તે ગામમાં ગયો તો તે ગામ જ લૂંટારાનું હતું !

> **માણસના જીવનામાં પડતી આવે ત્યારે ભોંમાંથી પણ ભાલા વાગે અને તિજોરીમાંથી પણ વીંછી કરડે. માટે તેવા સમયમાં ધીરજ ધારણ કરી તેમાંથી ઉગરવા માટે પ્રભુને પ્રાર્થના કરવી.**

ઉલટાની અસલામતી ! ભક્તો ! તેથી તો એક કહેવત છે કે, માણસના જીવનામાં પડતી આવે ત્યારે ભોંમાંથી પણ ભાલા વાગે અને તિજોરીમાંથી પણ વીંછી કરડે. માટે તેવા સમયમાં ધીરજ ધારણ કરી તેમાંથી ઉગરવા માટે પ્રભુને પ્રાર્થના કરવી.

## ''જીવન એક ફિલ્મ છે!''

પ્રત્યેક માણસનું જીવન એક ચલચિત્ર (ફિલ્મ) છે. એ પોતે જ એનો નાયક, ખલનાયક અને દિગ્દર્શક છે ! બધો જ અધિકાર પોતાના હાથમાં હોય તો માણસે શા માટે પોતાના આજીવનચિત્રને સામાન્ય સર્જવું જોઈએ ? આ દુનિયા આપણી પ્રેક્ષક છે, તેને જોવા માટે તો આપણું જીવન ફિલ્મ સારું જ બનાવવું જોઈએ ને ?

જીવન એક ફિલ્મ જેવું છે, કેમ કે આપણે ફિલ્મ જોવા જઈએ અને તેમાં હસવાની વાત આવે ત્યારે હસીએ છીએ અને રડ્યાનાં કરૂણ દશ્યો આવે ત્યારે સંવેદનશીલ હૃદયવાળા લોકો ખાસ કરીને બહેનો રડતાં હોય છે ! મારામારીનાં દશ્યો આવે ત્યારે ઝનુન સ્વભાવવાળા લોકોને ક્રોધ વ્યાપી જાય છે. દશ્યમાં કોઈ મવાલી યુવાન કોઈ યુવતીની છેડતી કરતો હોય ત્યારે જોનાર સજ્જન હોય તો તેનું લોહી ઉકળી જાય છે.

કોઈ અશ્લિલ દશ્યો આવતાં હોય ત્યારે વિલાસી લોકોના મનમાં વીકાર ઉત્પન્ન થઈ જાય છે. કોઈ ધાર્મિક ફિલ્મ હોય અને તેમાં ભગવાન, ભક્તની રક્ષા કરતાં હોય એવું દશ્ય આવે ત્યારે જોનાર વ્યક્તિ ભક્ત હોય તો મહિમાના અતિરેકમાં જે અભિનેતા, ભગવાન બન્યો હોય તેને ભગવાન માનીને પગલે લાગે છે !

આ દરેક દશ્યો ખોટાં છે, છતાં પણ થોડીવાર માટે તો સાચુ માની લાગણીમાં તણાઈએ છીએ; પછી તે અસરમાંથી મુક્ત થઈએ ત્યારે ખ્યાલ આવે છે કે આ બધું ખોટું છે. - બસ એ જ રીતે જીવન પણ એક ફિલ્મ જેવું જ છે. જ્યારે ભોગવીએ ત્યારે સાચુ લાગે છે. જેને જેને પંચ વિષયમાંથી જે જે વિષય પ્રિય હોય તે તે ભોગવીને આનંદ માને છે.

> **જીવન પણ એક ફિલ્મ જેવું જછે. જ્યારે ભોગવીએ ત્યારે સાચુ લાગે છે. જેને જેને પંચ વિષયમાંથી જેજેવિષય પ્રિય હોય તે તે ભોગવીને આનંદ માને છે**

સગાં-સંબંધીઓમાંથી કોઈનું મૃત્યુ થાય તો દુ:ખ થાય છે, ધંધામાં ફાયદો થાય તો આનંદ થાય છે, ખોટ જાય તો રડવું આવે છે; પરંતુ વાસ્તવિક રીતે શાસ્ત્રોની દષ્ટિએ આ બધું જ ખોટું છે. સાચુ લાગે છે એ જીવના મોહના કારણે છે, બાકી બધું ભ્રાંતિ જેવું છે.

ફિલ્મ જોનારને ફિલ્મ પૂરી થાય ત્યાં સુધી જ તેના દશ્યોની અસર રહે છે, એ જ રીતે આજ્ઞાની જીવોને મોહનું આવરણ હોય ત્યાં સુધી જ જીવનનાં સુખ-દુ:ખમાં હર્ષ શોક થાય છે; પરંતુ જ્યારે તેઓને સંતો દ્વારા અને શાસ્ત્રો દ્વારા જીવન અસત્ય છે. આવું ખરેખર જ્ઞાન થઈ જાય છે, ત્યારે તેઓને હર્ષ-શોકમાં નરસિંહ મહેતાની જેમ જ થઈ જાય છે. સુખમાં આનંદ માનતા નથી. અને દુ:ખમાં શોક કરતા નથી. સ્થિતપ્રજ્ઞતા પ્રાપ્ત થઈ જાય છે અને પોતાની જીવન-યાત્રાને નિર્વિઘ્નપણે પાર કરી શકે છે.

(ક્રમશઃ)

# True Relationship

**Shree Rushi Swami,**
Guru- H.H. Shastriji Shree Ghanshyamprakasdasji Swami
(Chairman Vadtal)

The book of life covering the period between birth and death, contains pages of joy and sorrow, success and failure, triumph and tragedy, pleasure and pain, fulfillment and disappointment, health and sickness............ every chapters written with the ink of particular relations. From the very birth, a person relates with others by any kind of relations. Either he joins with the relations of mother and father, or brother and sister, husband and wife, teacher and student, employee and employer, etc. Among all, the next of kin of guru and disciple is inimitable in its kind.

Some relations commence with the birth, known as blood -relation, some are started with communion with others, identified as companionship, several develops on the basis of an agreement recognized as professional, but the relation of guru and disciple develops on the foundation of dedication and devotion so is the eternal.

The need of guru: In these worldly affairs even an engineer, a doctor, a lawyer etc. have to practice their profession under their senior who is master. So everyone must follow the instruction of the master. even the legend of the cricket master-blaster Sachin Tendulker follows the instructions and tips of the coach, missile-man dr. Kalam had also worked under his guru dr. Sarabhai, CEOs of most reputed business firm approach the management gurus to improve their management ability. Then how can one who desire to attain God progress towards his goal without the guru???

Unlike the other fields, in the field of spirituality the guru plays the most important and extraordinary role in the life of the disciple. Because other worldly qualities can be attained through one's personal endeavors, but the spiritual success can never be achieved merely by endeavor without the guru. If this is not so, then why Ekalavya had made an idol of his guru Dronacharya? He had no verbal communication with his guru still he had achieved that which could not be achieved by Arjun!!! This is the beauty

of the guru-disciple relation. It is not in our hand to be Arjun it is decided by guru Dron who is his Arjun? But to be Ekalavya is in our hand. This is the top secret of the guru-shishya relation!!!

the enlighten disciple is able to intuitively know the guru's wish sometimes this pure relation is develop up to maturity on the understanding of non-verbal communication Yamunacharyaji was elderly respected guru of vaishnavas he was learned and also had attained god realization. Once he came to know about the outstanding qualities of Ramanujacharya he had desided him tobe the suitable successor of fellowship. However Yamunacharya never meet Ramanujachaya so he sent one of his disciple to call Ramanujachaya consequently by the time they comeback Yamunachaya passed away and his body was about to be cremated.

On the other hand Ramanujachaya was disappointed that he was unable to meet but accepted him as his guru and felt comfort in at least having his darshan of physical form. There he noticed that three fingers of Yamunacharya's right hand were bent in to a first. when he asked about the matter the disciples told Ramanujacharya that Yamunacharya had three unfulfilled wishes. First is to write commentary on Brahmsutra. Second to promote the glory of Vyasji, Parasar and Nammalvar. Third to spared vaishnav philosophy.

At the same time Ramanujacharya resolved to fulfilled those three wishes. As soon as Ramanujachaya had made this pledge the three finger unbend. This demostrated the inner bond between the guru and disciple. Letter on Ramanujacharya has successfully completed all these three unfulfilled wishes of his guru.

Thus importance of Guru-shishya relationship is unique. In present day we can find many guru who can double your money or Gold. But it is tough to find guru who can transform life of disciple. From the above example we have seen that true disciple have full faith in the words and guidance of Guru. Because if there is no faith there is no fruit. In short Guru is oasis of knowledge and disciple must have capacity to seize it as much as possible.

In the last…it is said that सा क्रिया या विमुकधद्ध

Knowledge gives us liberation and without guru one cannot achieve true knowledge.

# સંપ

**લેખક : સાધુ શ્રી વિવેકસાગરદાસ**

ગુરુ પ.પૂ.સદ્.શા.શ્રી નિલકંઠચરણદાસજી સ્વામી (મુખ્ય કોઠારીશ્રી વડતાલ સંસ્થાન)

ગુરુ પૂર્ણિમાના પાવન પ્રસંગે મારા ગુરૂદેવ નિલકંઠચરણદાસજી સ્વામીએ ભક્તો પાસે દક્ષિણા માગતા કહ્યું કે, તમારી પાસે ભિક્ષામાં મારે ત્રણ વસ્તુની માગણી કરવી છે. (૧) વ્યસન હોય તો ત્યાગ કરજો (૨) કુટુંબમાં સંપ રાખજો (૩) સત્સંગમાં આત્મીયતાથી રહેજો. તેમાં સંપ વિશેના પાવન પ્રસંગો અહીં રજૂ કરુ છું.

હાસ્યના વ્યંગમાં પણ કોઈએ આજની વાસ્તવિકતા વ્યક્ત કરતાં જણાવ્યું છે કે પહેલાના જમાનામાં મકાન નાના હતા અને દિલ મોટા હતા આજે મકાન મોટા થઈ ગયા પણ દિલ નાના રહી ગયા. માણસોના કપડા કદાચ મેલા હતા પણ દિલ ઉજળા હતા પણ આજે કપડા ઉજળા થયા પણ દિલ મેલા થઈ ગયા. આ નરી વાસ્તવિકતા સમાજમાં જોવા મળે છે.

એક યુવાન તેના ગુરુ પાસે આવીને કહે કે, 'ગુરુદેવ ! આજે મારી પાસે બંગલો મોટો છે, પૈસા ચિક્કાર છે, ભર યુવાની છે અને સમાજમાં પ્રતિષ્ઠા પણ સારી છે તેમ છતાં કુટુંબમાં કલેશ, કંકાસ અને કુસંપને કારણે મારુ જીવન ઉદ્વિગ્ન રહે છે તો મને શાંતિ મળે એવો ઉપાય બતાવો.

કોઈ કવિની પંક્તિ છે કે,

'હરિ મને દો ને એકાદી એંધાણી,<br>ધગધગતા સંશયના રણમાં,<br>પાએ પાવલું પાણી હરિ મને....'

આ યુવાનનો અવાજ સાંભળીને ગુરુદેવ કહે છે કે, 'બેટા ! તારી પાસે ભવ્ય બંગલો, વિપુલ સંપત્તિ, તંદુરસ્ત શરીર હોવા છતાં તું ઉદ્વિન છે તેનું કારણ શું છે તે સાંભળ.' આ સંસારનો એવો સ્વભાવ છે કે,

અહીં સહુને સામો સુખી લાગે છે અને પોતે દુઃખી,<br>અહીં સહુને સામો ગુનેગાર લાગે છે અને પોતે નિર્દોષ,<br>અહીં સહુને સામો સ્વાર્થી લાગે છે અને પોતે પરમાર્થી.

બેટા ! તુ સંસારના આ ભાવોથી પર થઈ તારા હૃદયને સંવેદનશીલ બનાવતો જા, તારા સ્વભાવનું નિરીક્ષણ કરતો જા, તારી જબાનને તપાસતો જા, તારા વર્તનને સમજતો જા, ઘરમાં મમ્મી - પપ્પા, ભાઈ-ભાભી, પત્ની - બાળકો સહુની સાથે ઘર સભા કરી ધંધા વ્યવહારની વાતો કર્યા સિવાય આત્મીયતાભરી વાતો કરતો જા, મદદરૂપ સભ્યોની કદર કરતો જા, નાનાઓને વ્હાલ અને વડીલોને આદર આપતો જા.

> **"પહેલાના જમાનામાં મકાન નાના હતા અને દિલ મોટા હતા આજે મકાન મોટા થઈ ગયા પણ દિલ નાના રહી ગયા. માણસોના કપડા કદાચ મેલા હતા પણ દિલ ઉજળા હતા પણ આજે કપડા ઉજળા થયા પણ દિલ મેલા થઈ ગયા."**

સાંભળ બેટા ! અહીં દુનિયામાં ભલે સર્વત્ર તને કાંટાઓનું વર્ચસ્વ દેખાય પણ પ્રેમની દુનિયામાં તો વર્ચસ્વ કાયમ પુષ્પોનું જ રહેવાનું છે, તે તું ન ભુલતો. માટે તારા પરિવારને પ્રેમ પણ આપતો જા.

કાંટા વિનાના ફૂલ હજી તને જોવા મળશે, દેવા વિનાનો ગરીબ માણસ હજી તને જોવા મળશે, દર્દી વિનાની હોસ્પિટલ હજી તને જોવા મળશે, પણ ભૂલ વિનાનો એક પણ સંસારી આત્મા તને જોવા નહીં મળે.

ઘરના કોઈ સભ્યથી નાની મોટી ભૂલ થઈ જાય તો માણસ માત્ર ભૂલને પાત્ર એમ સમજી પ્રેમથી તેને સમજાવજે પણ અપેક્ષા, આગ્રહ અને અહંકારને અગ્રતા ન આપતો. કારણ કે જ્યાં અપેક્ષા, આગ્રહ અને અહંકારની બોલબાલા હોય છે એ કુટુંબમાં સંઘર્ષો ઉભા નથી થતાં પણ એ કુટુંબ કાયમ સંઘર્ષમાં જ જીવતું હોય છે. માટે વાણીમાં માધુર્ય, આંખમાં અમી અને હૈયામાં પ્રેમ રાખીશ તો સામી વ્યક્તિને પોતાની ભૂલ સમજાશે અને સ્વભાવમાં અવશ્ય પરિવર્તન આવશે.

ગુરુદેવના બતાવેલ ઉપાયો પર શ્રદ્ધા રાખી તે પ્રમાણે વર્તવા માંડેલ યુવાનના ઘરમાં પથરાયેલ વિશ્રાંતિ, મનમાં પ્રસરેલ શાંતિ, જીવનમાં થયેલ ક્રાંતિ આજ અકલ્પ્ય છે.

આજના વિજ્ઞાનને દુનિયાને નજીક લાવી દીધી પણ આ દુનિયામાં જીવતાં માણસો એકબીજાથી વધુ દુર થતાં જાય છે. જો કુટુંબના સભ્યોની સાથે હળીમળી અને સુમેળ અને સ્નેહભર્યા આનંદથી જીવવા માટે નીચેના મુદ્દાઓ રામબાણ ઈલાજ જેવા છે.

- ઘર મોટા બાંધવાથી ભેળુ નથી રહેવાતું પણ મન મોટા રાખવાથી ભેળુ રહેવાય છે.


**વાણીમાં માધુર્ય,<br>આંખમાં અમી અને હૈયામાં<br>પ્રેમ રાખીશ તો સામી<br>વ્યક્તિને પોતાની ભૂલ<br>સમજાશે અને સ્વભાવમાં<br>અવશ્ય પરિવર્તન આવશે**


- પોતાનું જતું કરીને પણ સહુને મદદરૂપ અને અનુરૂપ થવાના પક્ષમાં રહીએ તો સંપ કેળવાય છે.
- સંપની દ્રઢતા માટે મમતા, મિલન, મહિમા, મદદ અને માફી આ પાંચ 'મ' કારનાં સેવનથી થાય છે.
- કોઈને બુદ્ધિથી, ક્રિયાથી ન તોલતાં હૃદયથી સમજવાની ભાવના કેળવવી.
- કોઈનું સ્વમાન ઘવાય એવું બોલવું નહીં, બીજાની વાતને ઉડાડી નાંખવી નહીં, સામાને મહત્વ આપી તેનું સારુ હોય તેટલું સ્વિકારવું, પોતાને નિર્માની રહેવાનો અને બીજાને યશ અને માન આપવાનો ગુણ કેળવવો.
- જ્યાં મારુ અને તારુ આવે એટલે સમજવાનું કે કજિયાનું ઉદ્‌ઘાટન થઈ ગયું. મારુ અને તારુ કાતરના બે પાંખિયા છે. તે અતૂટ સંબંધોને કાપી નાંખે છે.

**(અનુસંધાન પાના નં. - ૧૮ પર)**

# ''જલકમલવત્''

**લેખકઃ સાધુ શ્રી સત્સંગવલ્લભદાસ**

ગુરુ પ.પૂ.સદ્.શા.શ્રી ઘનશ્યામ પ્રકાશદાસજી (ચેરમેનશ્રી વડતાલ)

માણસ ભોગથી નહિ પરંતુ ત્યાગથી મહાન બને છે. ભારતીય સંસ્કૃતિએ શ્રીમંતોની નહિ પરંતુ સાચા સંતોની જ પાલખી ઉપાડી છે. સાચા સંતો ક્રાંતિકારી નહિ પરંતુ ''પરમહિતકારી હોય છે.'' સંત-પરમ હિતકારી જગતમાંહિ (બ્રહ્માનંદ સ્વામી) **साधवो दीनवत्सलाः** (ભાગવત-૧૧-૨-૬)

વડની ઘટા જેવી જોગીની જટાનીચે બેઠેલ યોગીની છટા જોઈને કોઈ પણ વ્યક્તિના મનમાં ''દાહ'' નહિ પરંતુ ''વાહ''ના ઉદ્‌ગારો પ્રસરી નીકળે છે. આજે હિંદુસ્તાનમાં સાચા અને ખોટા એમ અંદાજે કુલમળીને ''૬૦'' લાખ સાધુબાવાઓની ગણતરીથાય છે. તેમાં પણ મુખ્યત્વે લંગોટધારી, ભભુતધારી, શ્વેતાંબરધારી, ગિરનારી ખાખી બાવાઓ, તરુચ્છાયાના નિવાસી વસ્તીથી વેગળા રહેનાર ગુફાવાસી તથા એરકન્ડીશન ગુફાવાસી પણ હોય છે. બિન ભજની, ધંધાર્થી, તથા ગૃહસંસાર ચલાવનારા બાવાઓની ખોટ નથી. ભક્તિભાવનાના અભાવવાળા પરંતુ વ્યવહાર કુશળ તદ્દન પ્રભુપારાયણ ન હોવાને કારણે રાગદ્વેષથી ક્વચિત્ આધીન થઈને દુભાઈ-ઘવાય તો છુપો શાપ આપી બેસનાર પણ ખરા; જેમને આપણે ''સમાજ સેવક'' કહીશું તો પણ ચાલશે. ''પટ્ટણ સો ડટ્ટણ' જેવા દુર્વાસાના વારસદાર સદા ક્રોધીસાધુ બાવાઓ પણ હોય છે. ગિરનારના ગેબી તથા હિમાલયના હેબીવાળા સાધુબાવાઓ પણ હોય છે.રામકી વાળા, તથા કૌપીનવન્તો અને વૈરાગ્ય વિના સંયમની કુત્રિમ પાળ બાંધી ને કોતરોમાં ભરાઈને જીવન પુરુ કરતા પણ ઘણા હોય છે. ગૌ સેવકો, સદાવ્રતીઓ, દંડધારીઓ વગેરે બહુ પ્રકારના તથા બહુ પ્રમાણમાં જોવા મળે છે. પોતાને ''शिवोऽहम्''માનનારા પરંતુ બપોરની નિંદ્રા પુરેપુરી ખેચી લેનારા દિગંબરો રસ્તામાં અવારનવાર ભટકાતાહોય છે. ''બ્રહ્મચારી મહારાજના છોકરા ખોવાય ગયા છે.'' જેવી જાહેરાતો પણ ક્યારેક ક્યારેક આશ્ચર્ય પમાડે છે. સૌરાષ્ટ્રની તો વાત જ ન્યારી છે. મીરા નરસૈયાના પદો લલકારનાર, તથા સોનાપીત્તળની કોપીન વાળા અને આજના બજરંગદાસબાપુ બીડીવાળાથી માંડીએ તો મોટી લાઈન ઉભી થાય- તેથી જ તેમની ગણતરી કરી સમય નથી બગાડવો. આમ ૬૦ લાખ સાધુબાવાઓ છે; પરંતુ તેમને લક્ષ પુછવામાં આવે

> **સંસાર છોડનાર આપો આપ સાધુ ગણાવા લાગે તે યોગ્ય નથી. સાધુનો ખરો સંબંધ ભગવા ગણવેશ સાથે નહિ પરંતુ સાધુતા સાથે હોય છે. ભગવત્ સંબંધિકર્મ અને સદાચાર યુક્ત ભક્તી તેમની ઓળખાણ હોય છે. આ દ્રષ્ટિએ સંસારમાં રહી અને બને તેટલા અલિપ્ત રહેનાર છુપા વિદેહીઓ પણ વંદનીય છે.**

તો જવાબ મૌનમાં જ મળે. અને આ સર્વ સાધુબાવાઓથી સાધુતા અને પ્રભુપરાયણતાની દ્રષ્ટિએ કંઈક અલગ જ તરી આવતા સ્વામિનારાયણીય પવિત્ર સંતો પણ ખરાજ !

આટલા વિશાળ સમુદાયને દ્રષ્ટિ સમક્ષ જોઈને સાચા સંત કોણ ? એવો પ્રશ્ન વ્યવહારુમન વારે વારે કરતુ હોય છે. તથા કોઈ સાધુ મહાત્મા ભુરકીનાખીને ભગવત્સાક્ષાત્કાર કરાવે અથવા બાલબચ્ચાના આશીર્વાદ આપી દે એવી ભોળી ઈચ્છા પણ રાખતું હોય છે. ત્યારે શાસ્ત્રકારો કહે છે. ''**साधवो नहि सर्वत्र** '' ખરેખર તેજસ્વી પુરુષોની સંખ્યા હંમેશા મર્યાદિત જ હોય છે. જેમ મકાન તોડનારને કોન્ટ્રાક્ટર નથી કહેવાતા તેમ દરેક કૌપીનવન્તોને સાધુ પણ નથી કહેવાતા તેથી જ શાસ્ત્રકારો '૩૦ લક્ષણેયુક્ત'' તથા ''૬૪'' લક્ષણે યુક્તને જ સંત કહેવાનું પસંદ કરે છે. અને આવા સંતોના દર્શન પુણ્યશાળી હોય છે.**साधुना दर्शनं पुण्यम्** શાંતિ પમાડે તેને સંત કહીએ.

સંસાર છોડનાર આપો આપ સાધુ ગણાવા લાગે તે યોગ્ય નથી. સાધુનો ખરો સંબંધ ભગવા ગણવેશ સાથે નહિ પરંતુ સાધુતા સાથે હોય છે. ભગવત્ સંબંધિકર્મ અને સદાચાર યુક્ત ભક્તી તેમની ઓળખાણ હોય છે. આ દ્રષ્ટિએ સંસારમાં રહી અને બને તેટલા અલિપ્ત રહેનાર છુપા વિદેહીઓ પણ વંદનીય છે. ''निवृत्तरागस्य गृहं तपोवनम्''

સંસાર એક વિશાળ પ્રપંચ ક્ષેત્ર છે. તેમા સત્ય અને અસત્યનો ગ્રજગ્રાહ જોવા મળશે. સંસારી માટે ચતુરાઈ ગુણ જ્યારે સાધુ માટે દોષ. સાચા સંતો લોભ અને લાભ જેવા વ્યવહારું શબ્દનો અન્વય ભગવાનમાં જ કરતા હોય છે. તેઓ બીજાને છેતરીને નહિ પરંતુ સ્વયં છેતરાઈ ને રાજી રહેતા હોય છે. છળકપટ અને રાજકારણ સાથે સાધુનો શો સંબંધ ?

સાધુતાએ યુક્ત સંતો ભગવાનની નાટ્યલીલાનું ક્ષેત્ર બની જતા હોય છે. ગીતાકાર આવા બ્રહ્મવિત્ માટે ''**पद्मपत्रमिवाम्भसा**''(ગીતા- ૫-૧૦) કહે છે.

શ્રેષ્ઠપદોમાં સર્વશ્રેષ્ઠ પદ સાધુનું છે. શ્રીજી કહે છે કે- ''સાધુ થકી બીજી કોઈ પદવી મોટી નથી'' (ગ.મ.-૨૨) પરંતુ ચેતવણી આપતા શ્રીજી બીજા વચનો કહે છે કે ''તમામ સાધુને સરખાજાણે તે વિમુખ છે. (ગ.મ.-૬૦) સાધુતાના ગર્ભિત અર્થોને ભૂલીને બાહ્યાચારમાં અટવાયેલા વ્યવહારુ ભેખધારીઓની ખોટી ચળકાટમાં લોભાવું ન જોઈએ. પચાસ ખાડા ખોદવા કરતા એક કૂવો ખોદવો સારો છે, કેમ કે તે કુવાના તળિયે જે સરવાણી ફૂટે તે આપણા જીવનનું કલ્યાણ કરનારી હોય છે.

સંતોએ કૌપીનભર રહેવું. જંગલમાં રહેવું, નિઃસ્પૃહિ રહેવું તેજ તેમની શોભા છે. (ગ.મ.-૫૨) શાસ્ત્રકારો કહે છે. ''**कौपीनवन्तं खलु भाग्यवन्तम्** '' અર્થાત્ કૌપીનવાળા નહિ પરંતુ સાચા સંતો નિઃસ્પૃહિ સંતો ભાગ્યશાળી એવો અર્થ કરવો પડે. નહિતર દુનિયાના તમામ લંગોટધારીઓમાં અતિવ્યાપ્તિ થવા લાગે. તેથી જ પ્રેમાનંદ સ્વામી તેમની કવિતામાં કહે છે; **''બિના વિવેક ભેખ સબ દુઃખિયા'', સંત સુખી સંસારમે''** સંતોનું સરળ જીવન, ભગવત્ પરાયણ જીવન જ સાધુતા છે. સાધુતાની ઉત્તમવ્યાખ્યા શુદ્ધ અને પવિત્ર સત્પુરુષો પાસેથી જ જાણવી પડે. સાચા સંતો સ્વયં સિદ્ધ હોય છે. તેમને પ્રસિદ્ધિની પરવા નથી હોતી. ગીતાકાર કહે છે. ''**विगतेच्छाभयक्रोधो यः सदा मुक्तएव सः** ''(ગીતા-૫-૨૮) આ દ્રષ્ટિએ પંચવર્તમાને યુક્ત, સ્ત્રી ધનના સાચા ત્યાગી સંતો સ્વામિનારાયણ સંપ્રદાયમાં જોવા મળે છે. સાધુતાની દ્રષ્ટિએ સ્વામિનારાયણીય પરમહંસો ''વિશારદ'' હોય છે;

**(અનુસંધાન પાના નં. - ૧૮ પર)**

# સુખના સાગર શ્રી હરિ રે !

**લેખક : શાસ્ત્રી સ્વામી શ્રી કેશવપ્રસાદદાસજી**
શ્રી લક્ષ્મીનારાયણદેવ સંસ્કૃત મહાવિદ્યાલય

આ જગતમાં સુખની ઈચ્છા કોણ નથી કરતું ? જીવ પ્રાણી માત્ર સુખને જ ઈચ્છે છે. પણ તે કેવા સુખને ઈચ્છે છે ? તો પંચ વિષયના માયિક સુખને ઈચ્છે છે. જે અપાર દુઃખનું કારણ હોય છે ? જેનાથી રોગ, દુઃખ, પીડા, અશાંતિ, જન્મ મરણ, ગર્ભવાસ, લખચોરાશી, યમયાતના વગેરે અનંત દુઃખ પેદા થાય છે. પણ સાચું સુખ શું છે અને શેમાં છે તે અજ્ઞાની પામર જીવોને ખબર હોતી નથી. એટલે તેઓ **मनोनुकुलनीयं व्यापारं सुखम् ।** એવો અર્થ કરે છે મનને અનુકુળનો વ્યાપાર (વર્તન) તે પ્રેય (પ્રિય) જરૂર હોય છે પણ તેમાં શ્રેય હોતું નથી.

સુખની વ્યાખ્યા દરેક જુદી જુદી કરે છે સુખના સાધનો પણ ભિન્ન ભિન્ન હોય છે. કોઈ ધન મળે વૈભવ મળે તેને સુખ ગણે છે. કોઈ શારીરિક સંપત્તિ સારી હોય તેને સુખ ગણે છે. - ''પહેલું સુખ તે જાતે નર્યા'', એ કહેવત તો ખુબ જ જાણીતી છે. શ્રી હરિલીલામૃતમાં વિહારીલાલજી મહારાજ સંસારના સાત સુખ નીચે મુજબ આલેખે છે.

''આરોવ્યતા ઉદ્યમ હોય સારો,
સતી સુનારી, સુત સેવનારો,
કુટુંબમાં સંપ, સુમિત્ર ગેહ
સંસારમાં છે સુખ સાત એહ''

ઉપરોક્ત સાતેય વસ્તુ સારી રીતે પ્રાપ્ત થઈ હોય, પૈસા ખુબ હોય છતાં ઘણાં સુખી હોતા નથી. બાહ્ય દ્રષ્ટિએ સુખ હોવા છતાં સુખનો અનુભવ કરી શકતાં નથી. સુખ માણી શકતા નથી. કારણ કે, જેમ જેમ દુન્યવી સમૃદ્ધિ મળતી જાય છે તેમ તેમ તૃષ્ણાની આગ વધારે મોટી થતી જાય છે. અર્થાત્ વધારે ને વધારે મેળવવાની ઈચ્છાથી દુઃખી થાય છે, અને તે પ્રાપ કરવાના પ્રયત્નમાં મંડ્યો રહે છે, ને પરિણામે જે મળ્યુ છે તે પણ શાંતિથી ભોગવી શકતા નથી, તેથી તો કહેવત છે કે, ''સંતોષી નર સદા સુખી'' ભલે માણસ પાસે ધન વૈભવ દોલત કે સારી સ્ત્રી વગેરે કશું ના હોય પરંતુ તે સંતોષી હોય તો સંતોષના ફુવારામાંથી સુખના વારિ સદા છંટકાયા કરે છે.

આ વાત થઈ ભૌતિક સુખની પણ તેતો અલ્પજીવી છે. - કદાચ લાંબો સમય ચાલે તો ય પણ તેનો એક દિવસ અંત તો આવે જ છે. સાધુ પુરૂષો કહે

“ જેમ જેમ દુન્યવી સમૃદ્ધિ મળતી જાય છે તેમ તેમ તૃષ્ણાની આગ વધારે મોટી થતી જાય છે. અર્થાત્ વધારે ને વધારે મેળવવાની ઈચ્છાથી દુઃખી થાય છે, અને તે પ્રાપ કરવાના પ્રયત્નમાં મંડ્યો રહે છે, ને પરિણામે જે મળ્યુ છે તે પણ શાંતિથી ભોગવી શકતા નથી ”

છે કે સંસાર મિથ્યા છે. એટલે સંસારના સુખ પણ મિથ્યા છે. શાશ્વત કાયમ રહે એવું સાચુ સુખ તો પરમાત્મા શ્રી હરિનું છે. જગતના જીવો ધનને સુખદાયી ગણે, સ્ત્રી પુત્ર અને વૈભવ વિલાસને સુખરૂપ ગણે છે પણ ભગવાનના ભક્તો કેવળ પરમાત્માને જન સાચા સુખ પ્રદાતાને સુખ રૂપ જાણે છે.

પરમાત્મા સિવાયની સંપત્તિ - પરમાત્મા વગરનું સુખ, કેવળ દુઃખરૂપ ગણે છે. પ્રેમાનંદ સ્વામીના કિર્તનમાં આપણે રોજ ગાઈએ છીએ કે:-

રે તમ વિના સુખ સંપત્તિ કા'વે
તે તો સર્વે મહા દુઃખ ઉપજાવે;
અંતે એમાં કામ કોઈ નાવે,
રે શ્યામ તમે સાચું નાણું;

ભગવાન સિવાયના સુખ સંપતિનો મહા દુઃખરૂપ છે. અંતે એ કંઈ જ કામમાં ઓ તેમ નથી.

આમ પ્રેમાનંદ સ્વામી ધ્યાન પદમાં ભગવાનને જ સુખ અને સંપદ જાણી ગાય છે કે,

''વાલા મારે સુખ સંદ્ તમે શ્યામ,
મોહન મન ભાવતા રે લોલ''

ભગવાનના આશ્રિતજનો ભગવાનને સુખદાયી ગણે છે. એટલું જ નહીં પણ વરતાલનાં પાંમાં વચનામૃતમાં કહ્યું છે તેમ ''એવો જે ભગવાનનો દઢ આશ્રય તે જેને હોય તેને મહાપ્રલય જેવું દુઃખ આવી પડે તો પણ તે દુઃખ થકી રક્ષાનો કરનારો ભગવાન વિના બીજાને ન જાણે અને જે જે પોતાને સુખ જોઈતું હોય તે પણ ભગવાન થકી જ ઈચ્છે પણ પ્રભુ વિના બીજાને સુખદાયક ન જાણે તે પ્રભુની જેમ મરજી હોય તે પ્રમાણે જ વર્તે એવો જે હોય તે પ્રભુનો રણાગત જીવ કહેવાય અને તે જ ભગવાનનો અનન્ય ભક્ત કહેવાય.''

આ રીતે ભગવાન ભક્ત સર્વ સુખ ભગવાન થકી જ ઈચ્છે ને બીજાને સુખદાયક ન જ જાણે. પછી તેને ધન મેડી કે વૈભવમાં રાગ ન થાય તેમાં ભગવાનને ભેળવે તો જ તે સુખ માને. મિષ્ઠાન ભોજનમાં તેને સ્વાદ ન આવે ભગવાનને ધરાવેલ જાણી, પ્રસાદીરૂપે આરોગે તેમાં તેને મહા રસ જણાય અને આનંદ આવે. સુખ કરાવનાર કે આપનાર ભગવાન સિવાય બીજો નથી એમ તે ભક્ત જાણે છે. તેની સાથે સાથે દુઃખ ટાળનાર પણ મારા ભગવાન સિવાય બીજો કોઈ નથી એમ દઢ શ્રદ્ધા ધરાવે છે. ધ્રુવની ધીરજ જોઈ ભગવાને તેને અચળ પદવી આપી. ગજેન્દ્રે જ્યારે પ્રભુને પોકાર્યા ત્યારે ગ્રાહ થકી તેને છોડાવ્યાં ને તેજ રીતે પ્રહ્‌લાદ, પાંડવોએ બધાના દુઃખ હરી પરમાત્માએ સહાય કરી છે અને બધાને અપાર સુખ આપીને સુખ સાગર નામ સાર્થક કર્યું છે પણ તે પરમાત્માનો અનન્ય ભાવે નિષ્ઠા પૂર્વક આશ્રય કરવો જોઈએ મુખ્ય બાબત છે.

> રે તમ વિના સુખ સંપત્તિ કા'વે
> તે તો સર્વે મહા દુઃખ ઉપજાવે;
> અંતે એમાં કામ કોઈ નાવે,
> રે શ્યામ તમે સાચું નાણું;

સાચા સુખનું મૂળ પરમાત્મા છે . સાચા સુખનું સાધન પરમાત્મા છે માટે જગતના સર્વ પદાર્થમાંથી વૈરાગ્ય પામી, કેવળ પ્રભુપદમાં પ્રીતિથી જોડાનાર સાચા અને શાશ્વત સુખ સમુદ્રમાં ઝુલી શકે છે. એટલે જ પ્રેમાનંદ સ્વામીએ ગાયું છે કે,

સુખના સાગર શ્રી હરિ રે...

### જલકમલવત્ (પાના નં. ૧૫ નું શરૂ...)

એમ કહેવું અતિશયોક્તિ ન કહેવાય. આવા પરમહંસોને જોઈને હંસોને અદેખાઈ પણ નથી આવતી તેજ આશ્ચર્યની વાત છે !

સાધુ પાસે ભગવાન છે તે ભગવાન આપે છે. (ગુ.વાતો-૨-૨૦) ગંગાજીનું પાણી ખરડાયા પછી માણસને સાફ કરે છે ત્યારે સંતની વાણી ખરડાતા પહેલા જ ચેતવે છે. રાક્ષસી અસાધુની ભાષામાં અહંકારની બદબૂ હોય છે જ્યારે સંતની ભાષામાં ભગવદેચ્છાની ખુશબુ હોય છે. સાચા સાધુ જલકમલવત્ રહેવાના પાઠો શીખવે છે. બંધન નહિ પરંતુ મોક્ષ શબ્દને શીખવે તેજ સાચા સાધુ કહેવાય.

સ્વામિનારાયણીય સંતોના જ્ઞાનમાં હિમાલય જેવી ઊંચાઈ અને પ્રભુપ્રેમમાં સમુદ્રમાં તળિયા જેવી ઊંડાઈ જોવા મળે છે. જ્યાં ઊંચાઈ હોય ત્યાં ઊંડાઈ રહી શકતી નથી અને જ્યાં ઊંડાઈ હોય ત્યાં ઊંચાઈ રહી શકતી નથી. પરંતુ સ્વામિનારાયણીય જ્ઞાનગર્ભ વૈરાગીઓમાં બંને વિરોધી ગુણો સહોદરની માફક હળીમળીને રહેતા જોવા મળે છે. ''**સ્થિરબુદ્ધિરસમ્મૂઢો બ્રહ્મવિદ્ બ્રહ્મણિ સ્થિતઃ** (ગીતા - ૫-૨૯) જેઓ ભગવાનમાં જ રમણ કરતા હોય છે તેમજ કૌપીનવન્ત ખરેખર ભાગ્યશાળી છે.

દંભના દશકા અને સત્યની સદીઓ હોય છે. સાચા સંતો સદીઓ સુધી પૂજાય છે. ભવિષ્યપણ તેમને વિશ્વાસપાત્ર માને છે.

ઉપમાં (પ્રતિકો) દ્વારા સાંસ્કૃતિક મહાન વિચારધારાને સરળ રીતે વ્યક્ત કરી શકાય છે. પરંતુ સાચા સંતોને જેટલી ઉપમાઓ આપીએ તેટલી ઉણી ઉતરે છે. તેમ છતાં વિરક્ત વૃત્તિથી સંસારમાં રહી ત્યાગમય, પ્રભુમય જીવન જીવતા સાચા સંતો માટે લાંબુ વ્યાખ્યાન આપવાને બદલે ''જલકમલવત્'' એમ કહીને કામ પતાવી શકાય!

### સંપ (પાના નં. ૧૩ નું શરૂ...)

- ❖ ગાડાના પૈડાંમા તેલ ખુટે એટલે કિચૂડ કિચૂડ શરૂ થાય છે અને સંબંધમાં સ્નેહ ખૂટે એટલે કચ કચ શરૂ થાય છે, અને કચ કચમાંથી કજિયા શરૂ થાય છે.
- ❖ ૯ પછી બાદબાકીની નિશાની મૂકી ફરી નવ લખતા કિંમત ૦ થઈ જાય છે પણ ૯ પછી સરવાળાની નિશાની મૂકી ફરી ૯ લખતાં કિંમત ડબલ થઈ જાય છે, ૯ પછી ગુણાકારને નિશાની મૂકી ફરી ૯ લખતાં કિંમત નવ ગણી થઈ જાય છે પરંતુ ૯ની બાજુમાં ૯ ને ઉભો રાખી દેતાં કિંમત દસ ગણી વધી જાય છે, સંપ રાખવો હોય તો બાદબાકીને બાદ કરો અને સરવાળો માંડી તેને આગળ વધારો, ગુણાકાર માંડીને તેના ગુણ વિચારો અને પડખે ઉભા રહી તેને મદદરૂપ થાઓ.
- ❖ સંપ રાખવા જકડી રાખવા કારતાં જતું કરતાં શીખો.
- ❖ શરીર ચાલે છે શ્વાસથી અને કુટુંબ ચાલે છે વિશ્વાસથી
- ❖ તૂટી ગેલા બંધો ફરીથી બાંધી શકાય તો સંબંધો કેમ ન બાંધી શકાય ?
- ❖ સંપ માટે દિવાલ જેવા નહીં પણ પુલ જેવા બનવું.

**શ્રી પ્રભાશંકર (પાના નં. ૭ નું શરૂ...)**

સર્વ સંતોને જગાડીને અક્ષર ઓરડી નજીક આવ્યા. માનસીંગે તાપણું કર્યું. દરબારગઢમાં ચહલ-પહલ થવા લાગી. થોડીવારમાં કાઠી દરબારો પણ જાગી ગયા. તાપણાં પાસે બેસીને કલરવ કરતા સંતો અને શ્રીહરિનો સ્વર શાંત વાતાવરણમાં સર્વત્ર વ્યાપી રહ્યો. સૌની ઊંઘ ઉડી. દાદાખાચર, સુરાખાચર વગેરે સૌ ત્યાં પહોંચ્યાં અને થોડે દૂરથી આ લીલાનાં દર્શન કરવાં લાગ્યા.

શ્રી હરિએ દરબારોને જોઈને કહ્યું: આજે અમારે એક પ્રકરણ ફેરવવું છે. સંતો-ભક્તો-પાર્ષદો, સૌના કાન આ નવા પ્રકરણની વાત સાંભળવા આતુર હતા. શ્રીહરિએ ધીરે રહીને કહ્યું કે, આજે જે કોઈ અમને એક ગોદડું આપશે તેને અમે છાતીમાં એકવાર ચરણ આપીશું. બે આપે તેને બે વાર અને દશ આપે તેને દશવાર. જેને અમારાં ચરણની છાપો જોઈતી હોય તે બોલો.

સુરાખાચર આંખો ચોળતા રહ્યા ત્યાં તો દાદાખાચરે કહ્યું: પ્રભુ ! મારા ૧૦૦ ગોદડાં આપને અર્પણ કરું છું. સુરાખાચરે કહ્યું: મારાં પણ એટલાં જ ગોદડાં વસ્તાખાચરે કહ્યું : હું પણ ૧૦૦ ગોદડાં આપીશ. આ તો રાત્રે જ ગોદડાંનો ઢગલો થાય એવી વાત થઈ ગઈ. પરોઢ થતાં થતાં દર્શનાર્થીઓ ગોદડાં લઈ લઈને ઉમટી પડ્યા. પવનદેવે સૌને શ્રીહરિનો સંદેશો પહોંચાડ્યો હોય તેમ ગોદડાંનો ડુંગર થવા આવ્યો, ત્યારે ગઢપુરનો જ મોંઘો સુતાર આવ્યો. ઘરમાં જ ગોદડું નહિ તે શું લાવે ? પણ પોતે નિત્ય જે ચોફાળ ઓઢતો તે ચોફાળ તેણે શ્રીહરિને અર્પણ કર્યો. શ્રીહરિ તો સર્વવેતા છે. તેણે કહ્યું: દાનેશ્વરી કર્ણ થા મા ભગત ! આ એક ચોફાળ પણ મને આપી દઈશ, તો કાલે રાત્રે શું કરીશ ? અરે મહારાજ ! હું દરવાજા બંધ કરીને આપનું નામ લઈશ, એટલે ઠંડી જતી રહેશે. પ્રભુજી આજ તેની સમર્પણની નિષ્ઠા જોઈને પ્રસન્ન હતા. તેમણે હળવી રમૂજ કરી: હા...ઈ.. વાત સાચી. આ પ્રભાશંકરે દયા નથી દયા નથી... નામ જપ કર્યો તો સંતોની ટાઢ ગઈ; માટે તમે પણ કાલે ઠંડી લાગે તો આ પ્રભાશંકરના આપેલા મંત્રનો જપ કરજો. ઠંડી જતી રહેશે. એમ કહેતા હસતાં હસતાં ચોફાળ ઓઢ્યો. થોડી વાર ઓઢી રાખ્યો ને પાછો મોંઘા સુતારને આપતા કહ્યું: તે આપ્યો અને મેં લીધો.

આ સત્સંગમાં આવા આવા ઉત્તમશ્લોક ભક્તો થયા છે.

# અંકના ગ્રાહક બનો અને બનાવો
# અંક વાંચો અને વંચાવો

## ગ્રાહકો માટે ખાસ નોંધ


**શ્રી વડતાલધામ સત્સંગ માસિકના જે ગ્રાહકોના સરનામા બદલાયા હોય અથવા બદલવાના હોય તેમણે જે તે સમયે માસિક કાર્યાલય પર રૂબરૂ અથવા પત્ર દ્વારા અથવા ફોન પર સંપર્ક કરી અથવા ઈ-મેઈલ કરી દર મહિનાની તા. ૩૦ સુધીમાં ગ્રાહક નંબર જણાવી સુધારો કરાવવો. જે ગ્રાહકોનું વાર્ષિક લવાજમ પુરુ થતું હોય તેમણે આગળના અંક મેળવવા માટે સત્વરે લવાજમ ભરી દેવું.**

# સંસ્થા અને સત્સંગ સમાચાર

## વડતાલ ધામને આંગણે ગુરુ પૂર્ણિમા મહોત્સવ - ૨૦૧૨

ભારતીય વૈદિક સંસ્કૃતિમાં આધ્યાત્મ માર્ગે ચાલતા મુમક્ષુ સાધકને માટે આધ્યાત્મ પથના ભોમીયા એવા ગુરુનો મહિમા અપરંપાર વર્ણવવામાં આવ્યો છે. તેથી પ્રભુમાં પ્રીત કરાવનાર મુમુક્ષુને પોતાના જીવનમાં ગુરુનું સ્થાન મહત્વનું હોય છે. ગુરુ પ્રત્યેનો ભાવ વ્યક્ત કરવા અને ૠણમાંથી મુક્ત થવાના પ્રયાસરૂપે ગુરુપૂર્ણિમાના દિવસે શિષ્ય પોતાના ગુરુનુ પૂજન કરી ભાવના વ્યક્ત કરે છે. ભારતીય સંસ્કૃતિની આ પરંપરા અ નુસાર શ્રી વડતાલ સંસ્થાને આંગણે ટેમ્પલ બોર્ડ વતી મુખ્ય કોઠારી શ્રી નીલકંઠચરણદાસજી સ્વામીના આયોજનથી ગુરુણાં ગુરુઃ એવા સર્વાવતારી શ્રી હરિકૃષ્ણ મહારાજના સાનિધ્યમાં ગુરુપૂર્ણિમા મહોત્સવ અષાઢ સુદ - ૧૫ને ૩/૭/૨૦૧૨ને મંગળવારના રોજ ગુરુપૂર્ણિમા મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. જેમાં વડતાલ પિઠાધિપતિ પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજે પ્રાતઃકાળે આરાધ્ય સ્વરૂપ શ્રી હરિકૃષ્ણ મહારાજનુ પૂજન કર્યું હતું. ત્યારબાદ વડતાલના મુખ્ય કોઠારી શ્રી નીલકંઠચરણદાસજી સ્વામીએ ગુરુ મહિમા વિશે સુંદર કથા કરી ગુરુ અને શિષ્યનો સંબંધ સમજાવ્યો હતો. ત્યારબાદ ચેરમેનશ્રી પ.પૂ.સદ્.શા.સ્વા.શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી તથા સંપ્રદાયના વિદ્વાન બ્રહ્મનિષ્ઠ વડિલ સંતો-મહંતો તથા દેશોદેશના હરિભક્તો પધારી ગુરુપદે બિરાજમાન આચાર્યશ્રી પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ શ્રી રાકેશપ્રસાદજી મહારાજનું પૂજન કરી પ્રવચન દ્વારા ગુરુભાવ વ્યક્ત કર્યો હતો. પૂજ્ય મહારાજશ્રીએ પણ શ્રી હરિકૃષ્ણ મહારાજના પ્રસાદીમય ચંદન વડે સંતોની પૂજા કરી દિવ્ય ભાવના વ્યક્ત કરી હતી. ત્યારે વાતાવરણમાં દિવ્યતા પ્રસરી હતી.

## ગઢપુરના મહાન સંતનો અક્ષરવાસ



જય શ્રી સ્વામિનારાયણ સહ ગઢપુરના પૂજય સ્વામી ગૌલોકવિહારીદાસજી ગુરુ પુરાણી સ્વા. ઈશ્વરચરણદાસજી સંવત ૨૦૬૮ અષાઢ સુદ - ૧૦ને તા. ૨૯/૦૬/૨૦૧૨, શુક્રવારના રોજ સાંજે ૭ વાગે અક્ષરવાસ થયા છે.

**: પૂજ્ય સ્વામીશ્રીનું જીવન વૃતાંત :**

પૂજ્ય સ્વામીશ્રીનું જન્મ સ્થાન ઉગામેડી (ગઢપુર પાસે) ૧૫ વર્ષની ઉંમરે ગઢપુરના સમર્થ સંત પૂ. સ્વા. ઈશ્વરચરણદાસજીના શિષ્ય તરીકે રહીને દિક્ષા ધારણ કરી ગૌલોકવિહારીદાસજી નામ રાખ્યું. ત્યાર બાદ સંવત ૨૦૨૭ થી આજ ૪૦ વર્ષ સુધી વડતાલ દેશનું ગોધરા પાસે નાનકડું ગામ વેજલપુરમાં રહીને ભજન-સેવા-સત્સંગ-જનમંગલના અનુષ્ઠાન-યજ્ઞ-પારાયણો કરાવી તેમજ વેજલપુરનું મંદિર ઘણું જ જીર્ણ થઈ જતાં ફરીથી પ્રથમથી નૂતન મંદિરનું નિર્માણ કરાવ્યું. આવું પવિત્ર જીવન જીવતા અને વેજલપુર ગામને કર્મભૂમિ બનાવીને ૮૧ વર્ષની ઉંમરે શ્રીહરિનું સ્મરણ કરતાં દેહત્યાગ કર્યો.

# ઢુંણાદરા ગામે મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો

ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુની અસીમ કૃપાથી વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ દેશના ઢુંણાદરા ગામના મંદિરનો જિર્ણોદ્ધાર જેઠ વદ - ૬ શનિવાર તા. ૯/૬/૨૦૧૨ થી ૧૩/૬/૨૦૧૨ સુધી ધામધૂમથી ગામના તથા બહાર ગામના હરિભક્તો એવમ્ પુલ્હાશ્રમ ઈન્ટરનેશનલ સ્કૂલ ડાકોરના આર્થિક સહકારથી કરવામાં આવ્યો. મહોત્સવના અંગભૂત પંચકુંડી શ્રી હરિયાગ એવમ્ શ્રીમદ્ ભાગવત દશમસ્કંદ પંચાન્હ પારાયણનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. વડતાલગાદીના પ.પૂ.ધ.ધૂ. આચાર્ય મહારાજ શ્રી રાકેશપ્રકાશદાસજી મહારાજના વરદ હસ્તે મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી હતી. ઉપરાંત સંપ્રદાયના વિદ્વાન બ્રહ્મનિષ્ઠ વડિલ સંતોએ પધારીને મહોત્સવની શોભા વધારી હતી. મહોત્સવના મુખ્ય યજમાન તરીકે ડાકોરના પ.ભ. શ્રી મહેન્દ્રભાઈ રણછોડભાઈ પટેલ (યુએસએ)એ સેવા આપી હતી. ગામના ઉત્સાહી સેવા ભાવી હરિભક્તોએ તન મન ધનથી મહોત્સવમાં સેવા આપી હતી.









# શ્રી સ્વામિનારાયણ મંદિર, ચાણોદ ગૌશાળા બાંધકામ સેવા

ગુજરાતનું બનારસ - કાશી એટલે કે ચાણોદમાં પિતૃઓના મોક્ષાર્થે થઈ રહેલ વિધિ-વિધાન્ધમાં ગાય માતાની સેવાનો સુવર્ણ લાહ્વો શ્રી સ્વામિનારાયણ મંદિર ચાણોદ દ્વારા નૂતન ગૌમંદિર ગૌશાળાનું બાંધકામ થઈ રહ્યું છે. તો પોતાના મોક્ષ માટે પિતૃઓ - બાપદાદાઓના મોક્ષાર્થે થઈ રહેલ ગૌમંદિર ગૌશાળાના બાંધકામમાં સેવા કરવાની સુવર્ણ તક પ્રાપ્ત થઈ છે. તો શ્રી સ્વામિનારાયણ મંદિર ચાણોદ દ્વારા થઈ રહેલ નૂતન ગૌમંદિર ગૌશાળામાં આપ સર્વે ભક્તજનોની વિશેષ સેવા બાંધકામમાં પ્રાપ્ત થાય અને ભગવાન સ્વામિનારાયણ આપ સર્વે ભક્તજનો ઉપર ખુબ ખુબ અને ખુબ પ્રસન્ન થાય એ જ પ્રાર્થના... રૂપિયા ૫૦૦૦/- થી વધુ સેવા કરનાર ભક્તજનોના નામ આરસની તકતીમાં કંડારવામાં આવશે, ચેક, ડીડી દ્વારા સેવા આપતા ભક્તજનોએ (શ્રી સ્વામિનારાયણ મંદિર ચાણોદ)ના નામનો ચેક - ડીડી બનાવવો. વધુ માહિતી માટે સંપર્ક કો.શા.સ્વા.શ્રી ઋષિકેશપ્રસાદદાસજી મો.૯૪૨૯૨ ૮૨૮૨૯ / ૯૯૭૮૭ ૭૩૧૧૭, સરનામું : - શ્રી સ્વામિનારાયણ મંદિર, મલ્હારાવ ઘાટ, પોલીસ સ્ટેશન સામે, મુ.પો. ચાણોદ, તા. ડભોઈ, જિ. વડોદરા - ૩૯૧ ૧૦૫.

# માસિક ભેટ નામાવલી

## (જૂન - ૨૦૧૨)

| | | |
|---|---|---|
| ૧૧૧ | શ્રી પા. દિનુ ભગત ગુ.કો. આશાભગત - સડથલાવાળા - નારાયણભાઈ ડાહ્યાભાઈને ત્યાંથી ઝેરી નાગણ પકડી તે નિમિત્તે | વડતાલ |
| ૧૦૧ | શ્રી રમિલાબેન જશભાઈ પટેલ - શ્રીજી મહારાજની પ્રસન્નાર્થે | ચાંગા |
| ૧૦૧ | શ્રી ગીતાબેનજગદીશચંદ્ર પટેલ - જન્મ દિવસ નિમિત્તે - શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે | નડિયાદ |
| ૧૨૫ | શ્રી લાલજીભાઈ મફતભાઈ વાઘેલા - શ્રી હરિકૃષ્ણ મહારાજની પ્રસન્નાર્થે | વલેટવા |
| ૧૧૧ | શ્રી પા. દિનુભગત ગુ.કો. આશા.ભગત - સડથલાવાળા - ટેમલીપુરાના ભરતભાઈ નારણભાઈના ઘરેથી નાગ પડક્યો તે નિમિત્તે | વડતાલ |
| ૧૦૧ | શ્રી કમલેશભાઈ આર. ઠાકોર - અ.નિ. દાદજી ડાહ્યાભાઈ જીણાભાઈ પાટણવાડીયાના મોક્ષાર્થે | વડતાલ |
| ૧૦૧ | શ્રી કમલેશભાઈ આર. ઠાકોર - અ.નિ. પિતાજી રતીલાલ ડાહ્યાભાઈ પાટણવાડીયાના મોક્ષાર્થે | વડતાલ |
| ૨૦૦ | શ્રી પિયુષકુમાર રણછોડભાઈ પટેલ - નવું ટ્રેકટર લાવ્યા તે નિમિત્તે શ્રીજી પ્રસન્નાર્થે | માલકીનપુરા |
| ૧૦૧ | શ્રી જેનિશ નીતિનકુમાર રેતીવાળા - નોકરી મળી તે નિમિત્તે | સુરત |
| ૧૦૧ | શ્રી પ્રદિપભાઈ મનુભાઈ પટેલ (ડભાણવાળા) શ્રી હરિકૃષ્ણ મહારાજની કૃપાથી નવી ગાડી લાવ્યા તે નિમિત્તે | ધુવારણ |
| ૧૦૧ | શ્રી ખંતીલ સી. ટાંક - ધો.-૧૦માં ૯૦ ટકા સાથે પાસ થયા તે નિમિત્તે | વડોદરા |
| ૧૦૧ | શ્રી પૃથા નિમેષકુમાર ટેલર - એચ.એસ.સી. બોર્ડની પરિક્ષામાં ૮૮ ટકા સાથે પાસ થયા તે નિમિત્તે | વડોદરા |
| ૧૦૧ | શ્રી નિલેશભાઈ ઠાકોરભાઈ પરમાર - શ્રી હરિકૃષ્ણ મહારાજની પ્રસન્નાર્થે | ભરૂચ |
| ૧૦૦ | શ્રી છગનભાઈ લલ્લુભાઈ પટેલ - શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે | કરમાલ |
| ૧૦૧ | શ્રી સવિતાબેન અંબાલાલ - ચિ. સેજલ, અરૂણ, તન્વી તથા વેદ યુ.એસ.એ. ગયાતે નિમિત્તે | મોરડ |
| ૨૦૦ | શ્રી અશ્વિનભાઈ કાન્તીભાઈ પટેલ - ધ્રુવ એ. પટેલ ધો.-૧૨ (સાયન્સ)માં પાસ થયો તે નિમિત્તે | જાનીપુરા |
| ૧૦૧ | શ્રી ધરતીબેન નિલેશકુમાર પટેલ - ટેકનીશીયનમાં સર્વિસ મળી તે નિમિત્તે | વલેટવા |
| ૧૦૧ | શ્રી રમણભાઈ નરશીભાઈ પટેલ - શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે | જીણજ |
| ૧૦૦ | શ્રી સમીર મુળજીભાઈ પટેલ - નવો ટેમ્પો લાવ્યા તે નિમિત્તે શ્રીજી પ્રસન્નાર્થે | દાંદા |
| ૧૦૧ | શ્રી કૃપાબેન બી. પટેલ - એસ.એસ.સી.માં સારા માર્કસથી પાસ થયા તે નિમિત્તે | વડોદરા |
| ૧૦૦ | શ્રી કનુભાઈ અંટોલભાઈ પટેલ - શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે | લિંગસ્થળી |
| ૧૦૧ | શ્રી લીલાબેન રણછોડભાઈ પટેલ - ચિ. જલય તથા ચિ. યશ પાસ થયા તે નિમિત્તે | વડોદરા |
| ૧૦૧ | શ્રી ઘનશ્યામભાઈ અંબાલાલ પટેલ (પંડોળીવાળા) - ચિ.કાજલ તથા ચિ. મિત બોર્ડની પરિક્ષામાં પાસ થયા તે નિમિત્તે | વડોદરા |
| ૧૦૧ | શ્રી મહેશભાઈ ભાનુભાઈ પટેલ - શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે | પિપળાવ |
| ૫૦૦ | શ્રી સન્મુખભાઈ મથુરભાઈ પટેલ - નવા મકાનના વાસ્તુપુજન પ્રસંગે શ્રી હરિકૃષ્ણ મહારાજની પ્રસન્નાર્થે | પિપલીયા |
| ૧૦૧ | શ્રી પરભુભાઈ કે. પટેલ - ચિ. જલદીપ તથા ચિ. યોગીત પાસ થયા તે નિમિત્તે | અંકલેશ્વર |
| ૧૦૧ | શ્રી સુશીલાબેન પરભુભાઈ કે. પટેલ - અ.નિ. માતૃશ્રીના મોક્ષાર્થે, શ્રી હરિ પ્રસન્નાર્થે | અંકલેશ્વર |
| ૧૦૧ | શ્રી જયંતીભાઈ હીરાભાઈ પંચાલ - શ્રી હરિકૃષ્ણ મહારાજની પ્રસન્નાર્થે | વડતાલ |
| ૨૫૧ | શ્રી એક હરિભક્ત - શ્રી લક્ષ્મીનારાયણ દેવ / શ્રી હરિકૃષ્ણ મહારાજની પ્રસન્નાર્થે | સુરત |
| ૧૨૫ | શ્રી કુંવરસિંહ રતીલાલ મકવાણા - ચિ. પિનલ તથા ચિ. હેતલને શ્રીજી મહારાજની કૃપા થાય તે નિમિત્તે | પરિએજ |
| ૧૦૧ | શ્રી ભાગ્યલક્ષ્મી ટ્રેડીંગ કું. હ. સુરેશભાઈ કે. પટેલ - શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે | વલેટવા |
| ૧૦૦ | શ્રી ધનલક્ષ્મીબેન કંચનભાઈ દેસાઈ - ભાણી નુપુર ધો.-૧૨માં પાસ થઈ તે નિમિત્તે | લાછરસ |
| ૧૦૦ | શ્રી ધનલક્ષ્મીબેન કંચનભાઈ દેસાઈ - ભાણો રાજ ધો.-૧૦માં પાસ થયો તે નિમિત્તે | લાછરસ |
| ૧૦૦ | શ્રી ધનલક્ષ્મીબેન કંચનભાઈ દેસાઈ - શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે | લાછરસ |
| ૧૫૧ | શ્રી બળવંતરાય સોની - શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે | અમરેલી |
| ૧૦૦ | શ્રી કૃષ્ણકાંત અંબાલાલ પટેલ - શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે | વીણા |
| ૧૦૧ | શ્રી કમળાબેન કાંતિલાલ પટેલ - શ્રી હરિકૃષ્ણ મહારાજની પ્રસન્નાર્થે | નડિયાદ |
| ૧૦૧ | શ્રી ગીતાબેન જગદીશચંદ્ર - શ્રી હરિકૃષ્ણ મહારાજની પ્રસન્નાર્થે | નડિયાદ |
| ૧૦૦ | શ્રી ઘનશ્યામભાઈ હસમુખભાઈ પંચાલ - જન્મદિવસ પ્રસંગે શ્રી લ.ના. દેવની પ્રસન્નાર્થે | લાછરસ |

| | | |
|---|---|---|
| ૧૦૦ | શ્રી પ્રિતેશભાઈ પ્રફુલભાઈ પટેલ - નવી ગાડી 'ઈકો' લાવ્યા તે નિમિત્તે | ઉત્તમનગર |
| ૧૦૦ | શ્રી સંજયભાઈ ભોગીલાલ પટેલ - નવી ગાડી 'બુલેટ' લાવ્યા તે નિમિત્તે | અવિધા |
| ૧૦૦ | શ્રી ચંપકલાલ કેશવલાલ સોની - શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે | ડેસર |
| ૧૦૧ | શ્રી વસંતબેન નરોત્તમદાસ ઝઘડા - શ્રી હરિકૃષ્ણ મહારાજની પ્રસન્નાર્થે | મુંબઈ |
| ૧૦૧ | શ્રી ભાવિનભાઈ રોહિતભાઈ પટેલ - નવી ગાડી લીધી તે નિમિત્તે | વાગરા |
| ૧૦૧ | શ્રી વિનોદકુમાર ઈશ્વરભાઈ પટેલ - નોકરીમાં સાગર મુકામે બદલી થઈ તે નિમિત્તે | સાગર (એમ.પી.) |
| ૧૦૦ | શ્રી પ્રવિણાબેન પંચોલી - શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે | વડોદરા |
| ૧૨૫ | શ્રી પા. દિનુભગત એ. સડથલાવાળા | વડતાલ |
| | - કુ. ઋતલબેન વિનોદભાઈ પટેલ વાગરાવાળા ધો.૧૦માં ૯૭ ટકા સાથે પાસ થયા તે નિમિત્તે | |
| ૧૦૧ | શ્રી પા. દિનુભગત એ. સડથલાવાળા | વડતાલ |
| | - કુ. ખેવનાબેન વિનોદભાઈ પટેલ વાગરાવાળા ધો.-૫માં ૮૪ ટકા સાથે પાસ થયા તે નિમિત્તે. | |
| ૧૨૫ | શ્રી કરશનભાઈ ઢાંકેચા - હ. પા.દિનુભગત એ. સડથલાવાળા | રાજકોટ |
| | - અક્ષરભુવનના ઉપરના માળે ૩ સિલિંગ ફેનની સેવા કરી તે નિમિત્તે | |
| ૧૨૫ | શ્રી મહેન્દ્રભાઈ ઢાંકેચા - હ. પા. દિનુભગત એ.સડથલાવાળા | રાજકોટ |
| | - અક્ષરભુવનના ઉપરના માળે ૨ સિલિંગ ફેનની સેવા કરી તે નિમિત્તે | |
| ૧૫૧ | શ્રી જ્યોત્સનાબેન જે. ગજ્જર - ચિ. હર્ષ ધો.૧૨માં સારા ટકાથી પાસ થયો તે નિમિત્તે | આણંદ |
| ૧૦૧ | શ્રી ભાવિશાબેન દેવેનભાઈ પટેલ - નવું એક્ટીવા હોન્ડા લીધુ તે નિમિત્તે | મોરા |
| ૧૦૧ | શ્રી સ્નેહ વિષ્ણુભાઈ પટેલ - જન્મ નિમિત્તે શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે | માલપુર |
| ૧૦૧ | શ્રી વિમળાબેન પ્રમોદભાઈ - ભાણા કૌશલ તથા વસંત સારા માર્ક્સે પાસ થયા તે નિમિત્તે | હાડેવા |
| ૧૦૧ | શ્રી જગદીશભાઈ શંકરભાઈ પારેખ - દિકરા/દિકરીના લગ્ન પ્રસંગે શ્રીજી પ્રસન્નાર્થે | કલ્યાણ |
| ૧૦૧ | શ્રી જયકુમાર સિદ્ધાર્થભાઈ પટેલ - જન્મ દિવસ ૧૪/૪ નિમિત્તે શ્રીજી પ્રસન્નાર્થે | વડોદરા |
| ૫૦૧ | શ્રી દિવાળીબેન પ્રભુભાઈ પટેલ - ગાડી ઉપરથી પડી જવામાં બચી ગયા તે નિમિત્તે શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે | હાંસોટ |
| ૧૦૦ | શ્રી સરલાબેન હકુમતરાય દેસાઈ - ચિ. ચાંદનીબેન એસ.એસ.સી.માં ૭૮ ટકાથી પાસ થયા તે નિમિત્તે | સુકા |
| ૧૦૦ | શ્રી ગં.સ્વ. જયાબેન શનુભાઈ પટેલ - ચિ. નિસર્ગ એસ.એસ.સી.માં ૮૮ ટકાથી પાસ થયો તે નિમિત્તે | ઉમરવા |
| ૧૦૧ | શ્રી નૂતનબેન નિમેષકુમાર અમીન - લગ્નતિથી પ્રસંગે શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે | વડોદરા |
| ૧૦૧ | શ્રી ચિરેન જગદીશભાઈ પટેલ - ચી. આર્યનના જન્મ દિવસ પ્રસંગે શ્રી હરિ પ્રસન્નાર્થે | વડોદરા |
| ૧૦૧ | શ્રી કિરીટભાઈ આર. રાય - શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે | નડિયાદ |
| ૧૦૧ | શ્રી સરોજબેન કિરીટભાઈ રાય - શ્રી હરિકૃષ્ણ મહારાજની પ્રસન્નાર્થે | નડિયાદ |
| ૧૦૧ | શ્રી દિક્ષિતભાઈ એચ. રાય - શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે | નડિયાદ |
| ૧૦૧ | શ્રી શ્રેય ડી. રાય - શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે | નડિયાદ |
| ૧૦૧ | શ્રી ડિમ્પુબેન એમ. પટેલ શ્રી હરિકૃષ્ણ મહારાજની પ્રસન્નાર્થે | કરમસદ |
| ૧૦૧ | શ્રી જીતેનકુમાર પ્રદિપભાઈ પટેલ - જન્મ દિવસ તા. ૭-૯-૧૨ નિમિત્તે શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે | પિપલગ |
| ૧૦૧ | શ્રી સુશિલાબેન જશભાઈ પટેલ (રાસવાળા) - શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે | જીટોડિયા |
| ૧૦૧ | શ્રી હસમુખભાઈ દાદાભાઈ પટેલ (વડોદવાળા) - પૂણ્યતિથી નિમિત્તે શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે | આણંદ |
| ૨૦૧ | શ્રી ઈન્દુબેન મુળજીભાઈ ગાંધી - ચિ. પમિતાને પગે સારું થયું તે નિમિત્તે શ્રી હરિકૃષ્ણ મહારાજની પ્રસન્નાર્થે | દહિંસર |
| ૧૦૧ | શ્રી રીનાબેન ઉત્પલભાઈ પટેલ હ. વ્યોમ તથા પાર્થ - વર્ષગાંઠ પ્રસંગે શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે | ગજેરા |
| ૧૦૧ | શ્રી મધુબેન ઘનશ્યામભાઈ બારોટ - ધ્રુવ તથા વિનાયક પાસ થયા તે નિમિત્તે | નડિયાદ |
| ૧૦૦ | શ્રી કેનીબેન ચંદ્રકાંત પટેલ - ધો.-૧૦માં સારા ટકાથી પાસ થયા તે નિમિત્તે | વડોદરા |
| ૧૦૦ | શ્રી હર્ષિત કિરણભાઈ પટેલ - ધો.-૧૦માં સારા માર્કસથી પાસ થયા તે નિમિત્તે | વડોદરા |
| ૧૦૧ | શ્રી ધારાબેન આશિષકુમાર પટેલ - ચિ. આસ્થાના જન્મ પ્રસંગે શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે | પામોલ |
| ૨૨૫ | શ્રી મણીબેન વિઠ્ઠલભાઈ પટેલ - શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે | કરમડી |
| ૫૫૧ | શ્રી પા.દિનુભગત ગુ.કો. આશાભગત - સડથલાવાળા | વડતાલ |
| | - ખોવાયેલ પાકીટ પરત મળ્યું તે નિમિત્તે શ્રી હરિકૃષ્ણ મહારાજની પ્રસન્નાર્થે | |
| ૧૦૧ | શ્રી રસિકભાઈ ચિમનભાઈ પંચાલ - શ્રીજી મહારાજની પ્રસન્નાર્થે | વણાકબોરી (થર્મલ) |

| | | |
|---|---|---|
| ૧૦૦ | શ્રી પ્રશાંતભાઈ ઘનશ્યામભાઈ પટેલ - નવી ગાડી લાવ્યા તે નિમિત્તે | મંડાળા |
| ૧૦૦ | શ્રી વિનુભાઈ છોટાભાઈ પટેલ - જીમીના સ્મરણાર્થે શ્રી હરિ પ્રસન્નાર્થે | રણોલી |
| ૨૫૧ | શ્રી સ્વા. વિજયપ્રકાશદાસજી હ.પા. મયુર ભગત - નવી વેગન-આર ગાડી લાવ્યા તે નિમીત્તે | વડતાલ |
| ૧૫૧ | શ્રી પા.દિનુભગત ગુ.કો. આશા ભગત - સડથલાવાળા - હ. હર્ષદભાઈ એમ. પરમાર<br>- વલેટવાની સિદ્ધિ મીનરલ વોટર માંથી ઝેરી નાગણ પકડી તે નિમિત્તે | વડતાલ |
| ૧૨૫ | શ્રી પૂજા અલ્પેશભાઈ પટેલ (યુ.એસ.વાળા) - જન્મ દિવસ (૧/૬) પ્રસંગે શ્રીજી પ્રસન્નાર્થે | પિપળાવ |
| ૧૦૧ | શ્રી ધર્મેશકુમાર રમેશભાઈ પરમાર - ચિ. નિલમના જન્મદિવસ પ્રસંગે શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે | મહુડિયાપુરા |
| ૧૦૧ | શ્રી રણછોડભાઈ ઈશ્વરભાઈ - ચિ. પ્રિતને ધો.-૯માં એડમિશન મળ્યું તે નિમિત્તે | ઓઝ |
| ૧૦૧ | શ્રી કમલેશ આર. ઠાકોર - રતિલાલ તથા ડાહ્યાભાઈ પાટણવાડીયાના મોક્ષાર્થે | વિદ્યાનગર |
| ૨૦૧ | શ્રી શકુન્તલાબેન ગિરીશભાઈ - ગિરીશભાઈની પૂણ્યતીથી નિમિત્તે શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે | પંડોળી |
| ૧૫૧ | શ્રી ન્યાલકરણ સોમીલ - ૮/૦. જયેશભાઈ પટેલ (વાગરાવાળા)<br>- શ્રીજી મહારાજની પ્રસન્નાર્થે - હ. પા. દિનુભગત એ. સડથલાવાળા | યુગાન્ડા |
| ૧૦૦ | શ્રી ધનલક્ષ્મીબેન ચંદ્રકાંતભાઈ - પ્રથમ પૂણ્યતિથી પ્રસંગે શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે | ઉત્તમનગર |
| ૧૦૧ | શ્રી કિશોરકુમાર ભોગીલાલ પટેલ - પુત્ર જન્મ પ્રસંગે શ્રીજી પ્રસન્નાર્થે | રમણગામડી |
| ૧૫૧ | શ્રી ન્યાલકરણ સોમીલ - ૮/૦. જયેશભાઈ પટેલ (યુગાન્ડાવાળા)<br>- ખોવાયેલ પાસપોર્ટ પરત મળ્યો તે નિમિત્તે હ. પા. દિનુભગત એ. સડથલાવાળા | વાગરા |
| ૨૫૧ | શ્રી રાજેશભાઈ ગિરધરભાઈ વાળંદ - હ. સંતસ્વામી અથાણાવાળા - શ્રી હરિકૃષ્ણ મહારાજની પ્રસન્નાર્થે | સંજાયા |
| ૧૫૧ | શ્રી હિતેશ રમેશચંદ્ર કાછીયા હ. પા.દિનુભાઈ એ. સડથલાવાળા ચિ. તિલકની ચૌલક્રિયા પ્રસંગે શ્રી હરિ પ્રસન્નાર્થે | ભરૂચ |
| ૧૫૧ | શ્રી હરિકૃષ્ણભાઈ જયેશભાઈ પટેલ - નવી ગાડી લાવ્યા તે નિમિત્તે શ્રી હરિ પ્રસન્નાર્થે | મંડાળા |
| ૧૦૦ | શ્રી ભાર્વી ઘનશ્યામભાઈ પટેલ - ધો.-૧૦ (એસ.એસ.સી.)માં ૮૪ ટકા સાથે પાસ થયા તે નિમિત્તે | કરમાલ |
| ૧૦૧ | શ્રી પા. દિનુભગત ગુ.કો.આશાભગત - સડથલાવાળા<br>- વડતાલના પટેલ જયંતીભાઈની વાડીલાલ આઈસ્ક્રીમની દુકાનમાંથી ઝેરી ચિતરો પકડ્યો તે નિમિત્તે | વડતાલ |
| ૧૦૦ | શ્રી ભરતભાઈ નરસીભાઈ ચૌહાણ - નવી ગાડી લાવ્યા તે નિમિત્તે શ્રીજી પ્રસન્નાર્થે | ભુંભલી |
| ૧૦૧ | શ્રી આયુશકુમાર કેતનભાઈ વાઘેલા - બધા નિમિત્તે શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે | વડતાલ |
| ૨૫૧ | શ્રી ભરતભાઈ મંગળભાઈ પટેલ - શ્રીજી કૃપાથી અમેરિકાના વિઝા મળ્યા તે નિમિત્તે | અવિધા |
| ૧૦૧ | શ્રી ધર્મેશકુમાર રમેશભાઈ પરમાર - શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે | મહુડિયાપુરા |
| ૧૦૦ | શ્રી જતીનભાઈ પંડ્યા - શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે | અમદાવાદ |
| ૨૨૧ | શ્રી ચેતનભાઈ અરૂણભાઈ ડાહ્યાભાઈ પટેલ હ. પા. દિનુભગત એ.સડથલાવાળા<br>- ભૂમીબેને ભક્તિમાતાનો ખોળો ભર્યો તે નિમિત્તે | કલમ |
| ૧૫૦ | શ્રી બળદેવભાઈ બેચરભાઈ પટેલ - નવી અલ્ટો ફોરવીલ ગાડી લાવ્યા તે નિમિત્તે | કેસલું |
| ૧૧૧ | શ્રી પા. દિનુભગત એ. સડથલાવાળા હ. જનુભાઈ એડવોકેટ - જ્ઞાનબાગમાંથી ઝેરી નાગ પકડ્યો તે નિમિત્તે | વડતાલ |
| ૧૨૫ | શ્રી પા. દિનુભગત એ. સડથલાવાળા હ. જનુભાઈ એડવોકેટ - જ્ઞાનબાગમાંથી ઝેરી નાગ પકડ્યો તે નિમિત્તે | વડતાલ |
| ૧૫૧ | શ્રી પા. દિનુભગત એ.સડથલાવાળા હ. પૂજારી ઉદેશીંગભગત<br>- મિત્રાલના રમણભાઈ છોટાભાઈ પરમારના ઘેરથી ઝેરી સાપ પકડ્યો તે નિમિત્તે | વડતાલ |
| ૧૦૧ | શ્રી પા. દિનુભગત એ.સડથલાવાળા હ. લલીતભાઈ પટેલ<br>- મેઘવાના પટેલ કનુભાઈ સોમાભાઈના મકાનમાંથી ઝેરી નાગ પકડ્યો તે નિમિત્તે | વડતાલ |
| ૧૦૦ | શ્રી આશિષકુમાર અરવિંદભાઈ કાછીયા - મકાન રીપેરીંગ કરાવ્યું તે નિમિત્તે | નાવલી |
| ૧૦૧ | શ્રી પ્રકાશભાઈ રબારી - નવી ગાડી લાવ્યા તે નિમિત્તે શ્રીજી પ્રસન્નાર્થે | ચાંગા |
| ૧૦૦ | શ્રી અશ્વિનભાઈ હરીભાઈ પટેલ - નવું બાઈક લાવ્યા તે નિમિત્તે | હાથનોલી |
| ૨૦૧ | શ્રી હિમાંશુ હરિહરભાઈ પટેલ - શ્રી હરિકૃષ્ણ મહારાજની પ્રસન્નાર્થે | ઉત્તરસંડા |
| ૧૧૧ | શ્રી જ્વલીત ઠાકર - શ્રી હરિકૃષ્ણ મહારાજની પ્રસન્નાર્થે | કેનેડા |
| ૧૦૦ | શ્રી દક્ષાબેન રાકેશભાઈ પરમાર - ચિ. આયુષીના જન્મ પ્રસંગે શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે | વડતાલ |
| ૧૦૦ | શ્રી કેયા બ્રિજેશકુમાર પટેલ (યુ.કે.) - જન્મ દિવસ પ્રસંગે શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે | પિપળાવ |

# Shree Swaminarayan Mandir, Vadtaldham



## PP Acharya Maharajshree's
## US & CANADA
## Satsang Vicharan schedule - 2012



| Date | Places to visit | Contact Person | |
|---|---|---|---|
| 5th July | Arriving at Huston, TX | Ankur Desai | 512 656 3562 |
| 6th & 7th July | Austin temple Patostav | Ankur Desai | 512 656 3562 |
| 8th & 9th July | Dallas | Gopesh Patel | 469 236 2977 |
| 10th & 11th July | Tempa, Fl | Prakashbhai Amin | 813-241-5432 |
| 12th to 16th July | Somerset New Jersey Patosttsav | Snehal Desai | 732 306 2315 |
| 17 & 18th July | Connecticut, New Haven etc | Ram Swami | 908-566-8622 |
| 19 July to 21th July | Harrisburg,Allentown,Lansdale, Philadelphia etc | Thakor Patel | 215 720 6021 |
| 22nd & 23rd July | New York | Niranjanbhai | 718-997-1509 |
| 24th to 26th July | Delaware, Atlantic City, Baltimore MD etc | Gambhirsinh | 302-228-9982 |
| 26th to 29th July | Shibir at New Jersey/POKONO Resort, PA | Mukesh Papaiya | 201 247 7666 |
| 29th to 30th July | Somerset , NJ | Snehal Desai | 732-306-2315 |
| 31st July to 06th Aug | Montreal and Toronto CANADA | Indrakant Patel | 905 472 9260 |
| 07th to 12th Aug | Chicago | Arjun Malavia | 630 707 5096 |
| 13th to 15th Aug | Charlotte | Rameshbhai | 704-701-3603 |
| 16th th to 18th Aug | San Jose Bay Area CA | Vinubhai Patel | 510- 862-8025 |
| 19th to 22nd Aug | Downey, LA, Vegas | Nandalal Patel | 562-412-0773 |
| 23rd to 26th August | LA, On 26th VIDAY SAMARAMBH at Downey temple | 562-622-0554 | |
| 27 th August | Return to India | | |

**PP Acharya Maharajshri's Contact no 214 686 3528**

RNI No. Guj/Guj/2010/38053. The Postal Post Regn.No. "g-kda-86/2011-13" Valid Up To 31.12.2013
Posted From Vadtal Post Office On 20th Date of Every Month

## વડતાલધામને આંગણે સંવત ૨૦૬૮ અષાઢ સુદ પૂનમતા.૩-૭-૨૦૧૨ને મંગળવારે ઉજવાયેલા ગુરુપૂર્ણિમા મહોત્સવમાં પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજના પૂજન કરતાં ટેમ્પલ બોર્ડ તથા વડીલ સંતો એવમ્ અગ્રણી હરિભક્તો















